B. REGISTERED No. 156.

# શ્રી જૈનધર્મ પ્રકાશ.

પુસ્તક ૪૨ મું. અંક ૩ જો. | જેઠ સંવત ૧૯૮૨

## अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| ૧ | ખરા અધ્યાત્મી તે જાણો. ( મુનિ કસ્તુરવિજય ) | ૭૧ |
| ૨ | કુસંપે કેર વર્તાવ્યો.... .... ,, .... .... | ૭૬ |
| ૩ | જૈન યુવકોને ઉદ્દેશીને ઉપદેશ.... (સ. ક. વિ.) .... | ૭૮ |
| ૪ | પ્રશ્નોત્તર..... .... ( પ્રાચીન પત્રઉપરથી ) .... .... | ૮૦ |
| ૫ | તત્ત્વાર્થનું રહસ્ય-વાર્તારૂપે. ( ચીમનલાલ દ. શાહ).... | ૮૧ |
| ૬ | સુંદર બાળવચનામૃત. ( ભાઈલાલ સુંદરજી ) | ૮૮ |
| ૭ | જ્ઞાનીઓના સુવર્ણ વચનોની માળા. ( ચુ. સો. ) .... | ૮૯ |
| ૮ | દાન..... .... .... ( મુનિ. ન્યાયવિજયજી ) .... | ૯૦ |
| ૯ | નાની ભૂલનું મોટું પરિણામ. ( નંદલાલ લલુભાઇ ) | ૯૧ |
| ૧૦ | તપચિંતવનનો કાયોત્સર્ગ..... .... .... .... .... | ૯૭ |
| ૧૧ | શ્રી તળાજામાં તાળધ્વજગિરિ ઉપર પ્રતિષ્ઠા મહોત્સવ. | ૯૮ |
| ૧૨ | વર્તમાન સમાચાર..... .... .... .... .... ..... | ૧૦૭ |
| ૧૩ | પુસ્તકોની પહોંચ..... .... .... .... .... ..... | ૧૦૮ |



પ્રગટકર્ત્તા

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૮-૦ શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભાવનગર.

ભાવનગર-'શારદાવિજય' પ્રેસમાં શા. મટુલાલ લશ્કરભાઇએ છાપ્યું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अमारुं पुस्तकप्रसिद्धि खातुं.

## १ छपाय छे.

श्री उपमिति भवप्रपंचा कथा भाषांतर–विभाग २ जो.
श्री त्रिषष्टि शलाका पुरुष चरित्र भाषांतर. पर्व ७–८–९ ( आवृत्ति त्रीजी
श्री धर्मध्यान देशना. प्राकृत. संस्कृत छाया साथे.
श्री हितशिक्षाना रासनुं रहस्य. ( जैन धर्म प्रकाशमांथी )
श्री त्रिषष्टि शलाका पुरुष चरित्र भाषांतर. पर्व ३ थी ६. (आवृत्ति ३ जी.
श्री भोज प्रबंध भाषांतर.
श्री उत्तराध्ययन सूत्र. मूळ, सार्थ. कथाओ सहित.
[illegible] यात्रानो अनुभव. ( आवृत्ति बीजी )
श्री उपदेश प्रासाद भाषांतर. भाग ४ थो. (आवृत्ति त्रीजी.)

## २. तैयार थाय छे.

श्री हेमचंद्राचार्य चरित्र
श्री प्रकरण पुष्पमाळा. विभाग ३ जो. ( नाना नाना प्रकरणो–सार्थ. )
[illegible] आरे हिमाना तीर्थोनी तीर्थमाळा. (सार्थ)

## लेखकोने विनंति.

[illegible] पासे लेखोनो भरावो वधारे होवाथी केटलाक लेखो लांबा वखत [illegible] रहे छे, माटे ते बाबत खेद न करतां पाछा मंगाववानी जरूर [illegible] तो खुशीथी मंगावी लेवा. तेमज वर्तमान समाचार बहु लंबाणथी [illegible] शकता नथी, आवा लेखोज विशेष आवे छे. माटे जे नोंध करी राखवा [illegible] हकीकत होय तेज टुंकाणथी लेवाय छे. तंत्री

[illegible] त्रिषष्टिशलाका पुरुष चरित्र भाषांतर हवे पर्व खरीदी शके छे.
हरेक जैनबंधुओए अवश्य राखवा लायक छे.

[illegible] १ लो. पर्व १–२. श्री ऋषभदेव–अजितनाथ चरित्र. ३–४–०
विभाग २ जो. पर्व ३ थी ६. श्री संभवनाथजीथी मुनिसुव्रत स्वामी सुधीना चरित्र. २–४–०
[illegible] ३ जो. पर्व ७–८–९. जैन रामायण अने २१–२२–२३ मा प्रभुना चरित्रो. ४–०–०
[illegible] ४ थो. पर्व १० मुं. श्री महावीर स्वामी चरित्र. २–८–०
[illegible]

[illegible] चरित्र १९ कथाओ साथे अने बीजा आचार्योनां चरित्रो छे. १–८–०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा ।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય (શુભ કાર્ય) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત (બે ઘડી) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં"

વર્ષ ૪૦ મું.] જેઠ-સંવત ૧૯૮૦. વીર સંવત ૨૪૫૦. [અંક ૩ જો.

## ખરા અધ્યાત્મી તે જાણો.

### કવ્વાલી.

પ્રભુ શ્રી વીરની વાણી, સમાણી છે હીએ જેને;
જણાણી છે ક્રિયામાંહી, ખરા અધ્યાત્મી તે જાણો. ૧
નિશ્ચય નય ગૌણ રાખીને, વ્યવહારે મુખ્યતા ધારે;
ઉભય નય ધારતા હૃદયે, ખરા૦ ૨
ક્રિયા ને જ્ઞાનથી સિદ્ધિ, કથી છે કેવળી પ્રભુએ;
ન ત્યાગે એકને પણ જે, ખરા૦ ૩
ગુરૂ ને દેવની આણા, અખિલ ગુણગ્રામ દેનારી;
ન ખંડે જે થઈ શાણા, ખરા૦ ૪
વિચારી સાત નયને જે, અનેકાંતિક મારગમાં;
નિરંતર મગ્ન થઈ મ્હાલે, ખરા૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શબ્દ નય અર્થે નય જાણી, દ્રવ્ય પર્યાય ગુણગણુથી;
વિવિધના ભાવને ભજતા, ખરા૦ ૬
પુદ્ગલાનંદતા છોડી, વિષયથી જે રહી અળગા;
આત્મા આનંદતા ધારે, ખરા૦ ૭
જીવાદિ તત્ત્વ નવને જે, સ્વરૂપે ઓળખી કરીને;
હેયોપાદેયતા ધરતા, ખરા૦ ૮
કુનયનો માર્ગ છોડી ને, સુનયના માર્ગમાં રમતા;
નિરંતર શુદ્ધ શ્રદ્ધાથી, ખરા૦ ૯
નથી જ્યાં ક્રોધ ને માયા, નથી જ્યાં માનની છાયા;
સરળતા ધારતા હૃદયે, ખરા૦ ૧૦
ન વૃત્તિ ધારતા ત્રકની, સદા જ્યાં ચિત્ત ને વાચા–
તણા વ્યાપાર સમ હોવે, ખરા૦ ૧૧
અતિ ગંભીરતા ધારી, સદા સત્ત્વોના ઉપકારી;
સ્પૃહાને મૂળથી મારી, ખરા૦ ૧૨
ઉચિત આચાર ના છોડે, અનીતિથી રહી અળગા;
સદા ભાષા વદે સાચી, ખરા૦ ૧૩
કર્મના રૂપને જાણી, સત્ત્વપર ધારીને કરૂણા;
તુરત સુમાર્ગ દેખાડે, ખરા૦ ૧૪
વિપત્તિ ને સંપત્તિમાં, જણાયે શોક ના ખુશી;
યત્નથી શાંતિમાં વિચરી, ખરા૦ ૧૫

મુનિ કસ્તુરવિજય.

## કુસંપે કેર વર્તાવ્યો.

કવ્વાલી.

જમાનો હાલનો જોતાં, ઘણો ખોટો જણાયે છે;
સકલ સંસારવાસીમાં, કુસંપે કેર વર્તાવ્યો. ૧
નથી કોઇ દેશને છોડ્યા, નગર કે ગામના છોડ્યાં;
નથી કોઇ જાતને છોડી, કુસંપે કેર૦ ૨
રાવ ને રંક ના છોડ્યા, ન છોડ્યા ત્યાગી ને ભોગી;
પરસ્પર ભાઇ ભાઇમાં, કુસંપે કેર૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિતા ને પુત્ર જેવા પણ, પરસ્પર શત્રુતા ધારી;
દીયે છે જાનથી મારી, કુસંપે કેર૦ ૪
પોતાનું [illegible] કાપીને, અપશુકન અન્યનું કરવું;
ભણાવી પાઠ બહુ એવા, કુસંપે કેર૦ ૫
ધર્મના કાર્યમાં સઘળે, કરાવી કલેશ ને ઝઘડા;
પરસ્પરમાં લડાવીને, કુસંપે કેર૦ ૬
કુગતિમાં નાખવા માટે, કુબુદ્ધિ આપીને સહુને;
ધર્મની ભાવના તોડી, કુસંપે કેર૦ ૭
ધર્મ શ્રદ્ધા ખસેડીને, હૃદય કાઠા બનાવીને;
પુણ્યનો માર્ગ ભુલાવી, કુસંપે કેર૦ ૮
અકલના આંધળા કીધા, હિતાહિત ના શકે જોઇ;
કરીને લાભથી અળગા, કુસંપે કેર૦ ૯
ધર્મથી સ્નેહથી ધનથી, ચાહથી પણ ચુકાવીને;
કર્યા છે હાલ બહુ ભુંડા, કુસંપે કેર૦ ૧૦
કરી છે દુઃખી દુનિયાને, સહુ સુખો હરી લઇને;
દુર્દશા દેશને આપી, કુસંપે કેર૦ ૧૧
રખે કોઇ ના વધો જગમાં, મારાથી ધર્મ કે ધનમાં;
વિચારી ચાહતા ભુંડું, કુસંપે કેર૦ ૧૨
ગુણી જનની કરે નિંદા, તેમને પાડવા હલકા;
વધારી ખુબ ઇર્ષ્યાને, કુસંપે કેર૦ ૧૩
છોડાવી કુળ મર્યાદા, સહુ ત્યાગી ને ભોગીની;
વાળીને વિપરીત વાટે, કુસંપે કેર૦ ૧૪
કરીને કામ નીચોનાં, સમજતા ઠીક મેં કીધું;
તુરત આનંદ આપીને, કુસંપે કેર૦ ૧૫
વિપદમાં અન્યને નાંખો, જન્મથી એજ શીખવાડે;
યત્નથી સંપના શત્રુ, કુસંપે કેર૦ ૧૬

મુનિ કસ્તુરવિજય.

## સજ્જન દુર્જન વિષે.

ખળ સજન હોય આઠ નવ, અંક સમાન વિચાર;
દ્વીગુન ત્રિગુન ઠુની ચતુર્ગુન, બધત ઘટત એક તાર. ૧

આ દુહાનો ભાવાર્થ યથાર્થ વિચારશો. ગંભીરતાવાળો છે. પ્રસંગે વિશેષ સ્ફુટ જણાવશું.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન યુવકોને ઉદ્દેશીને ઉપદેશ.

બંધુઓ ! તમે દેશ સમાજ અને શાસનની ઉન્નતી આશારૂપ છો. તમારામાં બળ, ઉત્સાહ અને શુભેચ્છાઓ છે. જો તમારામાં વહતા લોહી સાથે ન્યાય નીતિ ને પ્રમાણિકતા હાજર થાય, વડીલોની સેવાદિક માર્ગાનુસારીપણું અનુસરવા જેટલું ધૈર્ય આવે, તથા વીતરાગ પરમાત્માએ પ્રકાશેલા પવિત્ર ધર્મ પ્રાપ્ત કરવા યોગ્ય ગંભીરતા, આરોગ્યતા, સૌમ્યતા, જનપ્રિયતા, હૃદયની કોમળતા, પાપ- ભવભીરૂતા, અશઠતા, સુદાક્ષિણ્યતા, લજ્જાળુતા, દયાળુતા, મધ્યસ્થતા, નિર્મિક્ષતા, ગુણશિલતા, સત્યરસિકતા, સુપક્ષતા, દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞતા, વૃદ્ધાનુસારિતા, વિનીતતા, કૃતજ્ઞતા, પરહિતરસિકતા, અને કાર્યદક્ષતા વિગેરે ઉત્તમ ગુણોનું સતત્ સેવન કરવાનું દ્રઢ લક્ષ્ય થાય તો તમારા આત્માની ઉન્નતિ સારી રીતે થયા વગર નજ રહે. તમે ભાઇઓ જ્ઞાની—અનુભવી-વૃદ્ધ વડીલોથી અળગા-અતડા રહેલા હોવાથી જૈનશાસનનું ખરૂં રહસ્ય યથાર્થ જાણી શકતા નથી, તથા સર્વજ્ઞ ભગવંતે પ્રકાશેલા તત્ત્વો ઉપર દ્રઢ આસ્થા-પ્રતીતિ રાખી શકતા નથી, અને તથાવિધ ચારિત્ર-સંયમ બળને કેળવી શકતા નથી; તેથી આર્યક્ષેત્ર, મનુષ્યજન્માદિક દુર્લભ સામગ્રી પામ્યા છતાં જોઇએ તેવી આત્માની ઉન્નતિ સરલતાથી સાધી શકતા નથી. તત્ત્વાર્થ-શાસ્ત્રમાં સમ્યગ્ દર્શન (સમ્યક્ત્વ) જ્ઞાન અને ચારિત્ર સંયુક્તનેજ મોક્ષમાર્ગ કહ્યો છે. તે વગર ગમે તેવી કષ્ટકરણીથી જન્મમરણાદિક દુઃખના સર્વથા અંતરૂપ મોક્ષ પ્રાપ્ત થઇ શકતો નથી. પવિત્ર ધર્મકરણીવડે પાપ ને મલીન વાસનાનો અંત આવે છે. દયાપણ ભરી અહિંસા (દયા), સંયમ અને તપ એ ધર્મનું લક્ષણ કહ્યું છે. તેમાં દ્રઢ આદર કરનાર મુમુક્ષુ જનોને દેવ દાનવાદિક નમસ્કાર કર્યા કરે છે. મન વચન કાયાને કાબુમાં રાખી સૌએ યથાશક્તિ ધર્મકરણી સદા કરવી જોઇએ. શુદ્ધ દેવ-ગુરૂની સેવાભક્તિ, જીવદયા, શુભ પાત્રને યથોચિત દાન, ગુણીજનો ઉપર નિઃસ્વાર્થ પ્રેમ, અને શાસ્ત્રનું પઠન-શ્રવણ—મનન કરતા રહેવાથી મન વચન કાયા પવિત્ર થઇ શકે છે, એટલે અંતરના દોષ દૂર થતાં પૂર્વોક્ત દર્શન જ્ઞાન ને ચારિત્ર લક્ષણ ધર્મની પ્રાપ્તિ થઇ શકે છે; એજ આ મનુષ્યજન્માદિક દુર્લભ સામગ્રી પામ્યાનું ઉતમ ફળ છે. સંકલ્પિત કાર્યાદિકનો વિવેકભર્યો વિચાર કરવો એ બુદ્ધિ પામ્યાનું ફળ છે, ઉચિત તપ જપ વ્રત નિયમાદિકનું સેવન-પાલન કરતા રહેવું એ દેહ પામ્યાનું ફળ છે; વિવેકપૂર્વક પાત્રને દાન દેવું એ પૈસા પામ્યાનું ફળ છે

For Private And Personal Use Only

અને અન્યને પ્રીતિ ઉપજે એવાં હિતવચન કહેવાં એ વાચા પામ્યાનું ફળ છે. એ સુજ્ઞાની વાત તરફ દુર્લક્ષ કરીને બહુધા નારદવૃત્તિવડે એકબીજાને લડાવી -અવળે રસ્તે દોરી બુદ્ધિનો દુરૂપયોગ કરવામાં આવે છે. જરૂરીયાતો ઘટાડી મન ને ઇન્દ્રિયના દમન રૂપ સંયમ-માર્ગ સેવવાને બદલે સુખશીલતાથી મન અને ઇન્દ્રિયોને મોકળી મૂકી અસંયમને પુષ્ટિ આપવામાં આવે છે. સુપાત્રને દાન દેવાને બદલે બહુધા કુપાત્રને પોષી પૈસાનો ગેરઉપયોગ કરવામાં આવે છે અને હિત મિત સત્ય મિષ્ટ મધુરી વાણીવડે અન્યને સંતોષવાને બદલે તીર જેવાં તીક્ષ્ણ ને કટુક વચનોવડે પરને સંતાપવામાં આવે છે. પવિત્ર જિનવાણીનું ખરૂં રહસ્ય નહીં જાણવાનું અને હૃદયમાં નહીં અવધારવાનું એ અનિષ્ટ પરિણામ છે.

પરિપક્વ બુદ્ધિ ને શ્રદ્ધાવાળા સુશીલ વડીલ જનોને અનુસરી ચાલવાથી યુવક બંધુઓ ! તમારામાં અધિકાધિક સદ્ગુણો આવશે, પણ તેમનાથી આતડા ને અતડા રહેવાથી તો તમે તેવા સદ્ગુણો મેળવવા ભાગ્યેજ યોગ્ય બનશો.

શુદ્ધ દેવ ગુરૂ ને સંઘ--સાધર્મી જનોની સેવા ભક્તિ અતિ આદરપૂર્વક કરવાથી, તેમની સ્તુતિ-પ્રશંસા કરવાથી તેમના જેવા ઉત્તમ ગુણો તમારામાં સહેજે સંક્રાન્ત થઇ શકશે. જેમ બને તેમ દ્રઢ ટેકથી શ્રાવકયોગ્ય પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોનું યથાવિધિ પાલન કરવા ઉજમાળ થાઓ. કુશ્રદ્ધા કે અશ્રદ્ધા રૂપ મિથ્યાત્વ-મેલનો સર્વથા ત્યાગ કરો. ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, હિતાહિતનો ભલીપેરે વિવેક રાખતાં શિખો. બાવીશ અભક્ષ્ય ને બત્રીશ અનંતકાયને સમજી તજો. વિદેશી દવા ને અભક્ષ્ય આસવો (પીણાં) તજો. પરસ્ત્રીગમન ને વેશ્યાગમન તજો તથા ચોરી જુગાર ને સટ્ટાનો છંદ તજો. તમે પોતે ઉત્તમ જ્ઞાની ને સુશીલ જનોનો સમાગમ કરી ખરા શ્રાવકયોગ્ય ગુણ મેળવો. જ્યાં સુધી તમે પોતે ધર્મપ્રાપ્તિને યોગ્ય પાત્રતા મેળવવામાં પ્રમાદ કરશો ત્યાં સુધી તમારી જાતને સુધારી શકશો નહીં, તો પછી બીજા તમારા મિત્ર-સ્વજનાદિકને ક્યાંથી સુધારી શકશો ? સ્વદેશ, સમાજ ને શાસનની સેવા કરવાની તમને હોંશ હશેજ, પણ તેને સફળ કરવા માટે ઉપર જે દિશા-માર્ગ બતાવેલ છે તેને ખુબ લક્ષ્યપૂર્વક સમજી, આદરવા સદા ઉત્સુક બનો !

ઇતિશમ્

સન્મિત્ર કર્પૂરવિજયજી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રશ્નોત્તર.

( એક જીર્ણ પત્રપરથી લીધેલ છે. દરેક પ્રશ્નના ઉત્તરમાં સિદ્ધાંત વિગેરેની સાક્ષી આપેલ છે. )

પ્રશ્ન ૧-નવકારના પહેલા પદના પાઠ કેટલા ને અર્થ કેટલા.

ઉત્તર-નવકારના પહેલા પદના પાઠ ૩ ને અર્થ ૭ શ્રી ભગવતીસૂત્રની ટીકામાં કહ્યા છે.

પ્રશ્ન ૨-ઇરિયાવહીના મિચ્છામિદુક્કડં કેટલા ?

ઉત્તર-ઇરિયાવહીના મિચ્છામિદુક્કડં ૧૮૨૪૧૨૦ શ્રીઆવશ્યકસૂત્રમાં કહ્યા છે.

પ્રશ્ન ૩-જીવને જઘન્ય ઉપયોગ કેટલા હોય ?

ઉત્તર-જીવને જઘન્ય ઉપયોગ એક હોય-સાકારોપયોગે સિદ્ધે ત્યારે શ્રી ઉવવાઈ ઉપાંગમાં કહેલ છે.

પ્રશ્ન ૪-દેવતાને નિદ્રા આવે કે નહીં ?

ઉત્તર-દેવતાને નિદ્રા ન આવે એમ શ્રી રાયપસેણી સૂત્રની ટીકામાં કહ્યું છે.

પ્રશ્ન ૫- કેવળી સમુદ્ઘાત કરતાં કેટલા સમય અણાહારી હોય ?

ઉત્તર-કેવળી સમુદ્ઘાત કરતાં ત્રીજે ચોથે ને પાંચમે સમયે અણાહારી હોય. શ્રી ઉવવાઈ સૂત્રમાં તે કહ્યું છે.

પ્રશ્ન ૬-પાંચે ઇંદ્રિયોનો જઘન્ય ને ઉત્કૃષ્ટો વિષય કેટલો હોય ?

ઉત્તર-પાંચે ઇંદ્રીઓનો જઘન્ય વિષય અંગુળના અસંખ્યાતમા ભાગનો હોય. ઉત્કૃષ્ટો શ્રોત્રેંદ્રિયનો ૧૨ યોજન, ચક્ષુઇંદ્રિયનો લાખયોજન ઝાઝેરો, ઘ્રાણેંદ્રિયનો, રસેંદ્રિયનો ને સ્પર્શેંદ્રિયનો-ત્રણેનો નવયોજનનો હોય. એમ શ્રી પન્નવણાજીના પદ ૧૧ મા માં કહેલ છે.

પ્રશ્ન ૭-સ્ત્રી અનુત્તરવિમાને જાય કે નહીં ?

ઉત્તર-સ્ત્રી અનુત્તરવિમાને જાય. પન્નવણા પદ ૧૩ મા માં કહેલ છે.

પ્રશ્ન ૮-પુષ્કરવર દ્વીપમાં વસતા મનુષ્યો કેટલે દૂરથી સૂર્યને દેખે ?

ઉત્તર-ત્યાંના મનુષ્યો ૨૧૩૪૫૩૭ યોજનથી સૂર્યને દેખે. સૂર્ય પણ મોટો પ્રકાશ કરે. પન્નવણા પદ ૧૫ મામાં કહેલ છે.

પ્રશ્ન ૯-તિર્યંચ વૈક્રિય શરીર કરે તો કેવડું કરે ?

ઉત્તર-તિર્યંચ વૈક્રિય શરીર કરે તો શતપૃથક્ત્વ યોજનનું કરે. શતપૃથક્ત્વ એટલે બસોથી નવસો સમજવા. પન્નવણાજી પદ ૧૨ મામાં કહેલ છે.

પ્રશ્ન ૧૦-શ્રી કેવળી સમુદ્ઘાત કરે કે નહીં ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર-સ્ત્રી કેવળી સમુદ્‌ઘાત કરે, એમ શ્રી પન્નવણાજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૧૧-જીવ ઉપજતી વખત પ્રથમ સમયે કયા યોગથી આહાર લેય ?

ઉત્તર-જીવ પ્રથથ સમયે કાર્મણ કાયયોગથી આહાર લેય, પછી શરીર બંધાતા સુધી ઔદારિક મિશ્ર અથવા વૈક્રિય મિશ્ર કાયયોગથી આહાર લેય.

પ્રશ્ન ૧૨-ચક્રવર્તીનું સ્ત્રીરત્ન કેટલા દંડકમાંથી આવીને થાય ?

ઉત્તર-સાતમી નરક, તેઉ, વાઉ, પાંચ અનુત્તર વિમાનના દેવ અને યુગલિક મનુષ્ય ને તિર્યંચ શિવાય બીજા બધા દંડકમાંથી આવીને થાય. એમ પન્નવણાજીની ટીકામાં કહ્યું છે.

પ્રશ્ન ૧૩-વિદ્યાધર તીરછો કયાં સુધી જાય ?

ઉત્તર-વિદ્યાધર તીરછો નંદીશ્વરદ્વીપ સુધી જાય. એમ પન્નવણાજીની ટીકામાં કહ્યું છે.

પ્રશ્ન ૧૪-ચક્રવર્તી તમિશ્રા ગુફામાં ને ખંડપ્રપાતા ગુફામાં ૪૯-૪૯ માંડલા ૫૦૦ ધનુષ્ય પ્રમાણ કરે છે તે કયા અંગુળના ધનુષ્ય સમજવા ?

ઉત્તર-ચક્રવર્તી ઉત્સેધાંગુળના ૫૦૦ ધનુષ્ય પ્રમાણ માંડલા કરે એમ ક્ષેત્રસમાસમાં કહ્યું છે.

પ્રશ્ન ૧૫-લોકાંતિક દેવતાના વિમાન સંખ્યાતા યોજનના છે કે અસંખ્યાતા યોજનના છે ?

ઉત્તર-અસંખ્યાતા યોજનના છે એમ ભગવતીજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૧૬-પાંચ સમ્યકત્વ કયાં કહ્યા છે ?

ઉત્તર-અનુયોગદ્વારમાં ત્રણ સમ્યકત્વ કહ્યા છે ને બીજા બે સમવાયાંગમાં કહ્યા છે.

પ્રશ્ન ૧૭-મેરૂપર્વતના કેટલા નામ છે ?

ઉત્તર-૧૬ નામ સમવાયાંગમાં કહ્યા છે.

પ્રશ્ન ૧૮-કેવળી સમુદ્‌ઘાતવાળા એક કાળે કેટલા હોય ?

ઉત્તર-ઉત્કૃષ્ટ એક કાળે (સમયે) ૬૦૦ હોય એમ શ્રી પન્નવણાજીના ૩૬ મા પદમાં કહ્યું છે.

પ્રશ્ન ૧૯-સંમૂર્છિમ મનુષ્ય એક સમયે કેટલા ઉપજે ?

ઉત્તર-એક સમયે એક પણ ઉપજે અને અસંખ્યાતા પણ ઉપજે એમ શ્રી અનુયોગ દ્વારમાં કહ્યું છે.

પ્રશ્ન ૨૦-પાંચ ઇંદ્રિયોમાં કામી કેટલી છે ને ભોગી કેટલી છે ?

ઉત્તર-કાન આંખ બે કામી છે ને કાયા, જીવ્હા ને નાસિકા એ ત્રણ ભોગી છે એમ ભગવતીજીમાં કહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન ૨૧–કુંથુઆની જીભ કેવડી હોય ?

ઉત્તર–કુંથુઆની જીભ અંગુલ પૃથકત્વની લાંબી હોય તે અંગુલ તેના જાણવા. ( પન્નવણા )

પ્રશ્ન ૨૨–મન રૂપી કે અરૂપી?

ઉત્તર–દ્રવ્ય મન રૂપી છે, ભાવ મન અરૂપી છે. (પન્નવણા)

પ્રશ્ન ૨૩–નપુંસક મોક્ષે જાય કે ન જાય ?

ઉત્તર–કૃતનપુંસક જાય, જન્મનપુંસક ન જાય. ( ભગવતીજી )

પ્રશ્ન ૨૪–જન્મનપુંસક સમકિત પામે કે નહીં ?

ઉત્તર–કોઇક જન્મનપુંસક સમક્તિ પામે એમ શ્રી આવશ્યક વૃત્તિમાં કહ્યું છે.

પ્રશ્ન ૨૫-જિનેશ્વરનું સમવસરણ જમીન સાથે લાગતું હોય કે અધર હોય ?

ઉત્તર-જિનેશ્વરનું સમવસરણ નીચે ખાલી હોય, નીચે ગામ ક્ષેત્રાદિક કાયમ રહે. ( પગથીઆ નીચલાજ જમીને અડે, તેનાવડે મનુષ્ય ઉપર ચડે.) એમ શ્રી આવશ્યક વૃત્તિમાં કહ્યું છે.

પ્રશ્ન ૨૬-એક સમયે તીર્થંકર કેટલા સીઝે ને તીર્થંકરી કેટલી સીઝે ?

ઉત્તર—તીર્થંકર એક સમયે ચાર સીઝે ને તીર્થંકરી બે સીઝે એમ સિદ્ધ પંચાશિકામાં કહ્યું છે.

પ્રશ્ન ૨૭–ચક્રવર્તીની માતા ૧૪ સુપન કેવા દેખે ?

ઉત્તર–ચક્રવર્તીની માતા ૧૪ સુપન ઝાંખા દેખે એમ વિવેકમંજરીમાં કહ્યું છે.

પ્રશ્ન ૨૮–પ્રતિવાસુદેવની માતા કેટલા સુપન દેખે ?

ઉત્તર–પ્રતિવાસુદેવની માતા એક સુપન દેખે. એમ સત્તરીસય ઠાણા પ્રકરણમાં કહ્યું છે.

પ્રશ્ન ૨૯–એક ભવમાં બે પદવીના ધારક ચક્રવર્તી જે તીર્થંકર પણ થનાર હોય તે માગધાદિક તીર્થ સાધવા જાય ત્યાં અઠ્ઠમ કરે કે નહીં ?

ઉત્તર–અઠ્ઠમ ન કરે એમ શાંતિનાથ ચરિત્રમાં કહ્યું છે,

પ્રશ્ન ૩૦–સિદ્ધની અવગાહનામાં નીગોદીઆ જીવો છે કે નહીં ?

ઉત્તર–સિદ્ધની અવગાહનામાં પણ અનંતા નિગોદ જીવો છે. શ્રી ઉત્તરાધ્યયનવૃત્તિમાં કહ્યું છે કે–સૂક્ષ્મ જીવો તો સર્વ લોકમાં છે ને તેના એક ભાગમાં બાદર જીવો છે. વળી જીવવિચાર પ્રકરણમાં પણ કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पत्तेय तरु मुत्तं. पंचवि पुढवाइणो सयललोए। सुहमा हवंति नियमा, अंतमुहुत्ताउ अदिस्सा ॥

પ્રશ્ન ૩૧–બાર વ્રતધારી, દેશ વિરતિ, પાંચમા ગુણઠાણે વર્તતા જીવ અને કેવળ સમકિતધારી ચોથે ગુણઠાણે વર્તતા જીવ બંનેની ઉત્કૃષ્ટી દેવગતિ સરખી છે કે તેમાં કાંઈ ફેર છે?

ઉત્તર–બંને ઉત્કૃષ્ટ બારમા દેવલોક સુધી જાય છે, એમાં ઓછાવત્તાપણું કહેલું નથી.

પ્રશ્ન ૩૨–પ્રત્યેક વનસ્પતિનું શરીર ઉત્કૃષ્ટું એક હજાર યોજન ઝાઝેરૂં કહ્યું છે, તે યોજન કઈ અંગુળના સમજવા ?

ઉત્તર–એ યોજન ઉત્સેધ અંગુળના સમજવા. પદ્મદ્રહાદિકમાં કમળો કહ્યા છે તે પૃથ્વીકાયમય છે. જે જળાશય ઉત્સેધ આંગુળે હજાર યોજન ઉંડા છે, તેમાં ઉત્કૃષ્ટ શરીરવાળા પ્રત્યેક વનસ્પતિકાયી કમળ થાય છે, એમ સંગ્રહણી વૃત્યાદિકમાં કહ્યું છે.

પ્રશ્ન ૩૩–ભરતક્ષેત્રથી મેરૂપર્વત ઉત્તરે છે તેમ ઐરવત ક્ષેત્રથી અને પૂર્વ પશ્ચિમ મહાવિદેહથી કઈ દિશાએ છે ?

ઉત્તર–તેની પણ ઉત્તરે છે. તે સૂર્યના ઉદયાસ્તની અપેક્ષાએ દિશા જાણવી. એમ પંચમાંગમાં કહ્યું છે.

પ્રશ્ન ૩૪–ભરતમાં, ઐરવતમાં અને પૂર્વ પશ્ચિમ મહાવિદેહમાં દિવસ રાત્રી સરખા હોય કે નાના મોટા હોય ?

ઉત્તર–દિવસ રાત્રીનું માન બધે સરખું હોય તે સૂર્યના મંડળની અપેક્ષાએ જાણવું એમ ભગવતીજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૩૫–સુનંદા ને સુમંગળામાં ઋષભદેવની સાથે કોણ જન્મી હતી?

ઉત્તર–સુમંગળા ઋષભદેવની સાથે જન્મી હતી અને સુનંદા અકાળ મૃત્યુએ યુગળિક નર મરણ પામ્યો તેની સાથે જન્મેલી હતી એમ શ્રી આવશ્યકમાં કહ્યું છે.

પ્રશ્ન ૩૬–પરમાવધિજ્ઞાન કેટલું દેખે અને તે કેવા જીવને હોય ?

ઉત્તર–પરમાવધિજ્ઞાન ચઢતા શુભ પરિણામવાળાને થાય, તે લોક તમામ દેખે. તે કરતાં પણ વધારે દેખવાની શકિત હોય. સૂક્ષ્મ પરમાણુને પણ દેખે. એ પરમાવધિજ્ઞાન થયા પછી અંતર્મુહૂર્તે અવશ્ય કેવળજ્ઞાન થાય આ પ્રમાણે શ્રી આવશ્યક વૃત્તિમાં કહ્યું છે.

પ્રશ્ન ૩૭–ચંદ્રમા દક્ષિણચારીને ઉત્તરચારી શી રીતે હોય છે? કારણ કે સૂર્યના માંડલા તો ૧૮૪ છે અને ચંદ્રના માંડલા તો ૧૫ છે. સૂર્ય તો છ છ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહિને દક્ષિણચારી ઉત્તરચારી થાય છે, તો ચંદ્રને માટે શી રીતે સમજવું?

ઉત્તર–ચંદ્ર પણ સૂર્યની જેમજ દક્ષિણચારી ને ઉત્તરચારી થાય છે, એમ શ્રી સૂર્યપન્નત્તિની ટીકામાં કહ્યું છે.

( આ ઉત્તર વધારે સ્પષ્ટ થવાની જરૂરીયાતવાળો છે. )

પ્રશ્ન ૩૮–શ્રી ઋષભદેવના જીવે શ્રી ધના સાર્થવાહના ભવમાં સમકિત પામ્યા ત્યાંથી તેર ભવ કર્યા છે. તેમાં પાંચમા ભવે લલિતાંગ દેવ હતા, તે ભવમાં તેની દેવી સ્વયંપ્રભા ચ્યવી જતાં તે બહુ વિહ્વળ બની ગયા હતા. તેને તેના મિત્રાદિકે આશ્વાસન આપ્યું હતું અને પછી નિર્નામિકા નામે સ્ત્રી જેણે અણસણ કરેલું હતું તેને પોતાનું રૂપ દેખાડીને તેની દેવી થવાનું નિયાણું કરાવ્યું હતું. તે સ્વયંપ્રભા દેવી થઇ હતી, તે પ્રથમની સ્વયંપ્રભા દેવીનોજ જીવ હતો કે બીજો જીવ હતો ?

ઉત્તર–તે બીજો જીવ હતો એમ શ્રી આવશ્યકની મલયગિરિજી કૃત ટીકામાં કહ્યું છે.

પ્રશ્ન ૩૯–દોગંદુક દેવ જે દેવગતિમાં મહા સુખ ભોગવે છે એમ કહેવાય છે અને એની બીજાને ઉપમા દેવાય છે તે દેવો કઇ જાતિના છે ?

ઉત્તર–તે ત્રાયસ્ત્રિંશક જાતિના દેવો છે એમ શ્રીવ્યવહાર સૂત્રની વૃત્તિમાં કહ્યું છે.

પ્રશ્ન ૪૦–ઉલ્કાપાત તારો પડે છે તેને જ કહીએ કે તે અગ્નિ બીજો છે?

ઉત્તર–તે અગ્નિ બીજો છે. તે સંમૂર્છિમની જેમ ઉપજે છે એવું શ્રી જીવવિચારની ટીકામાં કહ્યું છે.

પ્રશ્ન ૪૧–જિનકલ્પી સાધુ તે ભવમાં સિદ્ધ કે નહીં ?

ઉત્તર–જિનકલ્પી તે ભવમાં ન સિદ્ધ એમ શ્રી પંચવસ્તુવૃત્તિમાં કહ્યું છે અને શ્રી બૃહત્કલ્પમાં પણ કહ્યું છે.

પ્રશ્ન ૪૨–દરરોજ નવકારસહીનું પચ્ચખ્ખાણ કરવાનો નિયમ હોય તે રાત્રે સુખડી ખાય તો તેનું પચ્ચખ્ખાણ ભાંગે કે નહીં ?

ઉત્તર—પચ્ચખ્ખાણ ન ભાંગે પણ અતિચાર લાગે એમ આવશ્યક વૃત્તિમાં કહ્યું છે.

પ્રશ્ન ૪૩–અષ્ટાપદને આઠ પાવડીયા છે તે કોણે કર્યા છે ?

ઉત્તર–અષ્ટાપદના આઠ પાવડીયા સગરચક્રીને વારે થયા છે એમ શ્રી આવશ્યક વૃત્તિમાં કહ્યું છે.

પ્રશ્ન ૪૪–તિર્યક્જૃંભક દેવ કઇ નિકાયમાં છે ?

ઉત્તર–તિર્યક્જૃંભક દેવ વ્યંતરનિકાયમાં છે અને ધનદ લોકપાળના સેવક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એમ શ્રી ભગવતીજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૪૫-આશાળિક જીવ જે પૃથ્વીમાં બાર યોજનનો ઉત્પન્ન થાય છે અને જેના મૃત્યુ પામવાથી તેની ઉપરની ચક્રવર્ત્તિની સેના તેના શરીરના પડેલા ખાડામાં પડીને દટાઇ જાય છે તે જીવ કેટલી ઇંદ્રિયવાળો થાય છે ?

ઉત્તર-આશાળિક સર્પ પંચેંદ્રિય છે એમ પન્નવણાજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૪૬-સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવશય્યાની ઉપરના ચંદ્રુઆમાં ૬૪ મણ વિગેરેના મોતી છે તે કયા શાસ્ત્રમાં કહેલ છે ?

ઉત્તર-એ વાત શ્રી ભુવનભાનુ કેવળીના ચરિત્રમાં કહેલ છે.

પ્રશ્ન ૪૭-કેવળી સમુદ્ઘાતવંત એક સમયે ઉત્કૃષ્ટા કેટલા પામીએ ?

ઉત્તર-ઉત્કૃષ્ટા ૬૦૦ પામીએ એમ શ્રી પન્નવણાજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૪૮-નપુંસક કેવળીસમુદ્ઘાત કરે કે નહીં ?

ઉત્તર-કરે, એમ શ્રી પન્નવણાજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૪૯-કેવળીસમુદ્ઘાત કર્યા પછી કેટલો વખત જીવે ?

ઉત્તર-અંતર્મુહૂર્ત્ત જીવે એમ પન્નવણાજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૫૦-જુગળિયા સમકિતવંત હોય કે નહીં ?

ઉત્તર-જુગળિયા કેટલાક તો જન્મથીજ ક્ષાયિક અથવા ક્ષયોપશમ સમકિતવાળા હોય અને કેટલાક જાતિસ્મરણાદિકે કરીને નવું સમકિત પણ પામે એમ શ્રી જીવસમાસવૃત્તિમાં કહ્યું છે.

પ્રશ્ન ૫૧-જીવ ગર્ભમાં મરે તે શુભ ભાવે મરે તો કેટલા દેવલોક સુધી જાય, અને અશુભ ભાવે મરે તો કેટલી નરક સુધી જાય ?

ઉત્તર-શુભ ભાવે મરે તો આઠમા દેવલોક સુધી જાય અને અશુભ ભાવે મરે તો ત્રીજી નરક સુધી જાય એમ શ્રી જીવાભિગમમાં કહ્યું છે.

પ્રશ્ન ૫૨-ચક્રવર્તીપણું ભોગવી મરણ પામીને ફરીને ચક્રવર્તી થાય તો ઓછામાં ઓછો કેટલે કાળે થાય ?

ઉત્તર-ઓછામાં ઓછો એક સાગરોપમે થાય અને વધારેમાં વધારે દેશોન અર્ધપુદ્ગળપરાવર્ત થાય એમ શ્રી ભગવતીજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૫૩-એક સમયે ઉપશમશ્રેણિ ઉત્કૃષ્ટા કેટલા જીવ કરે અને ઉત્કૃષ્ટ અંતર પડે તો કેટલું પડે ?

ઉત્તર-ઉત્કૃષ્ટા એક સમયે ૫૪ જીવ ઉપશમશ્રેણિ પડિવજે અને ઉત્કૃષ્ટ અંતર નવ વર્ષનું પડે એમ શ્રી જીવસમાસવૃત્તિમાં કહ્યું છે.

પ્રશ્ન ૫૪-એક સમયે ઉત્કૃષ્ટ ક્ષપકશ્રેણિ કેટલા જીવ કરે અને ઉત્કૃષ્ટ અંતર પડે તો કેટલું પડે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—ઉત્કૃષ્ટા ૧૦૮ જીવ ક્ષપકશ્રેણિ પડિવજે અને અંતર ઉત્કૃષ્ટ છ માસનું પડે એમ જીવસમાસવૃત્તિમાં કહ્યું છે.

પ્રશ્ન ૫૫-સ્ત્રી જિનકલ્પી હોય કે નહીં?

ઉત્તર-સ્ત્રી જિનકલ્પી ન હોય એમ શ્રી નિશિથ ચૂર્ણિમાં કહ્યું છે.

પ્રશ્ન ૫૬—અસુચ્ચા કેવળી કે જેમણે આ ભવમાં ધર્મ સાંભળ્યોજ નથી એવા એક સમયે ઉત્કૃષ્ટા કેટલા સીઝે.

ઉત્તર—ઉત્કૃષ્ટા દશ સીઝે એમ ભગવતીજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૫૭—આહારક શરીર એક ભવમાં કેટલીવાર કરે ?

ઉત્તર—એક ભવમાં બે વાર કરે અને આખા સંસારમાં ચાર વાર કરે.

ઇતિ પ્રશ્નોત્તર સંગ્રહમ્

# તત્ત્વાર્થનું રહસ્ય વાર્તારૂપે.

(અનુસંધાન પુ. ૩૬ માના પૃષ્ટ ૬૯૮ થી.)

પૂર્ણભદ્ર—ભાઇ સુમતિ ! રત્નત્રયી અને સાત તત્ત્વનું સ્વરૂપ સમજાવો.

સુમતિ—ભાઇ ! જુઓ. સમ્યગ્દર્શન-શ્રી સર્વજ્ઞ એવા તીર્થંકર પરમાત્માના જણાવ્યા પ્રમાણે તત્ત્વનું શુદ્ધ સ્વરૂપ માની શંકા રહિતપણે તેમાં શ્રદ્ધા રાખવી તે અથવા તો અઢાર દૂષણ રહિત અને બાર ગુણ સહિત એવા દેવને સદ્દેવ તરીકે, પંચ મહાવ્રતધારી અને પંચાચાર પાલક એવા સાધુને સદ્ગુરૂ તરીકે અને શ્રી કેવળી કથિત ધર્મને સદ્ધર્મ તરીકે શ્રદ્ધાપૂર્વક માનવા તે.

સમ્યગ્ જ્ઞાન—સમ્યગ્ રીતે તત્ત્વો અને તેના અર્થોની સમજ.

સમ્યગ્ ચારિત્ર—સમ્યગ્ ( રૂડી પેઠે ) રીતે સર્વ પ્રકારના આરંભ સમારંભ ( કર્માદાન કે સાવદ્ય વ્યાપાર)નો ત્યાગ; ઉપરાંત શ્રી તીર્થંકર પરમાત્માના બતાવ્યા પ્રમાણે ક્રિયા, અનુષ્ઠાન, તપ આદિની પ્રવૃત્તિ કે આચરણ.

જીવ—જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ છ લક્ષણવાળો અને દશ પ્રકારના ( સ્પર્શન, કાયિકબલ, આયુષ્ય, શ્વાસોશ્વાસ; રસન અને વચનબલ; ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, અને મન ) પ્રાણમાંથી ચાર કે તેથી વધારે દશ સુધી પ્રાણને ધારણ કરનાર. એકેંદ્રિય જીવને ઉપરના અનુક્રમે ચાર; બેઇંદ્રિય જીવને છ; તેઇંદ્રિય જીવને સાત; ચઉરેંદ્રિય જીવને આઠ; અસંજ્ઞી પંચેંદ્રિય જીવને નવ અને સંજ્ઞી પંચેંદ્રિયને દશે પ્રાણ હોય છે; અને ઉપરોક્ત છ લક્ષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ દરેક જીવમાં હોય છે; કેમકે તે લક્ષણોનો અનંતમો ભાગ સૂક્ષ્મનિગોદના જીવોનાં પણ ઉઘાડો હોય છે.

અજીવ—ઉપરોક્ત છ લક્ષણ અને દશ પ્રાણોમાંના એકેને પણ ન ધારણ કરનાર જડ.

આશ્રવ—પુણ્ય (સુખરૂપ) અને પાપ (દુઃખરૂપ) અથવા તો આઠ પ્રકારના (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય) કર્મ આવવાનો માર્ગ.

બંધ—ઉપરોક્ત કર્મોનું જીવ સાથે એકીભૂત થવું તે.

સંવર—ઉપરોક્ત કર્મોને આવતાં અટકાવવાનું સાધન.

નિર્જરા—ઉપરોક્ત કર્મોને જીવથી થોડા થોડા (દેશતઃ) છુટાં પાડવાં તે; અને મોક્ષ-ઉપરોક્ત કર્મોનું જીવથી સર્વથા છુટી જવું તે.

આ પ્રમાણે થતાં જીવના કુદરતી સ્વાભાવિક લક્ષણો (ઉપર કહ્યાં તે છ) આવરણ વગરનાં થઇ જાય છે, તેથી ત્યાં અક્ષય સુખ અનુભવાય છે; તે અનુભવાતાં છતાં તેનું વર્ણન સંપૂર્ણ રીતે કોઇ કરી શકે તેમ નથી.

પૂર્ણભદ્ર—આ સર્વ બાબત હવે મને સમજ પડી, હવે આ સર્વનો સ્વામી કે અધિકારી કોણ ?

સુમતિ—આશ્રવ અને બંધ કર્મરૂપ અજીવ તત્વના પર્યાયો હોવાથી અજીવ છે, કેમકે તે આત્માના કુદરતી ગુણોની પ્રાપ્તિમાં અંતરાય રૂપ છે; સંવર નિર્જરા અને મોક્ષ તે આત્મલક્ષણની પ્રાપ્તિનાં સાધન હોવાથી જીવતત્ત્વ તરીકે મનાય છે, જીવ તે જીવનો અને અજીવનો સ્વામી છે (અજીવ તત્ત્વને ભોગવનાર જીવ છે તેથી). રત્નત્રયીને ધારણ કરનાર પણ જીવ હોવાથી તે ત્રણનો પણ જીવ સ્વામી છે.

પૂર્ણભદ્ર—આ વાત પણ સમજી શકયો; તો રત્નત્રયીની પ્રાપ્તિનું સાધન શું ?

સુમતિ—દર્શન મોહનીય કર્મનો ઉપશમ (શાંતતા), ક્ષયોપશમ (કેટલાંક કર્મનો ક્ષય અને કેટલાંકનો ઉપશમ), અને ક્ષય (સર્વથા) થતાં સમ્યગ્ દર્શન થાય છે. રત્નત્રયીની પ્રાપ્તિ તે આત્મિક ગુણ હોવાથી ઉપાદાન હેતુ છે; અને ઉપદેશ, મૂર્તિ કે ઉપકરણનું દર્શન કે બાહ્યકારણ તે નિમિત્ત હેતુ છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને ક્ષય થતાં સમ્યગ્ જ્ઞાન થાય છે; અને જાણવું, સમજવું, ચર્ચા કરવી, સંદેહ છેદવા, યાદ રાખવું આદિ સમ્યગ્ જ્ઞાનના નિમિત્ત હેતુ છે. ચારિત્રાવરણીય કર્મનો ઉપશમ, ક્ષયોપસમ, ક્ષય થતાં સમ્યગ્ ચારિત્ર થાય છે. તે માટેના બાહ્યકારણ તેના નિમિત્ત હેતુ છે. જીવને આશ્રવના સાધનપણે પૂર્વે કરેલ કર્મ તે ઉપાદાન હેતુ અને બાહ્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ તે નિમિત્ત હેતુ છે. જીવને બંધના સાધનપણે મિથ્યાત્વ (મિથ્યાદર્શન અવિરતિ ( સર્વ આરંભ સમારંભ અને સાવદ્ય વ્યાપારમાં મશગુલતા) પ્રમાદ ( ઉપયોગનો અભાવ ) અને યોગ [ મન, વચન અને કાય ] તે નિમિત્ત હેતુ છે અને પૂર્વે કરેલ કર્મ તે ઉપાદાન હેતુ છે.

જીવને સંવરના સાધનપણે ગુપ્તિ, સમિતિ, બ્રહ્મચર્ય, ઇંદ્રિયનિગ્રહ, કષાય ત્યાગ આદિ નિમિત્ત હેતુ છે; જ્યારે તે આત્મગુણપ્રાપ્તિનાં સાધન હોવાથી આત્મિક ગુણ તે ઉપાદાન હેતુ છે. જીવને નિર્જરાના સાધનપણે આત્મિક ગુણ ઉપાદાન હેતુ અને તપ તથા કર્મોને સમતાપૂર્વક વેદવાં [ભોગવવાં] તે નિમિત્ત હેતુ છે જીવને મોક્ષના સાધનપણે આત્મિક ગુણ સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્ર તે ઉપાદાન હેતુ છે; કેમકે તે આત્માના સ્વાભાવિક ગુણો છે. જ્યારે કર્મોનું સર્વથા જીવથી છુટા થવું તે નિમિ હેતુ છે.

પૂર્ણભદ્ર—આમાં તો રસ પડે છે અને સમજ પડતી જાય છે; તો હવે અધિકરણ [આધાર] વિષે સમજાવો.

**સુમતિ**—તમને આનંદ પડે છે તે તો ઉત્તમ છે. આ દ્રવ્યાનુયોગનો વિષય ગૂઢ અને અત્યંત તિક્ષ્ણ બુદ્ધિથી સમજાય તેવો છે; તેથી સામાન્ય જનસમૂહને તો લુખોજ લાગે; છતાં તમે રસ લો છો, તેથી મને ઉત્સાહ વધે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર તે જે જીવ પ્રાપ્ત કરે તેજ જીવ તે દરેકનો આધાર છે. જીવનું અધિકરણ કર્મોને લઈને પોતે જે સ્વરૂપે દેખાય છે તેજ સ્વરૂપે અસંખ્યાત પ્રદેશ પોતાની અંદર લઈને પોતાના દેહ પ્રમાણ રહેલ છે તેજ તેનો આધાર છે. અજીવ જીવની સાથે એકીભૂત (કર્મોરૂપે) અને પાસે (ભોગવતી વખતે જડવસ્તુઓ પાસે રહે છે તેથી) છે. આશ્રવ અને બંધનું અધિકરણ સાવદ્ય યોગ પરિણામી ( આરંભ સમારંભમાં મસ્ત ) જીવ છે; જ્યારે સંવર અને નિર્જરાનું અધિકરણ તેની પ્રાપ્તિને યોગ્ય બનેલ જીવ છે. છેવટે મોક્ષનું અધિકરણ મોક્ષ પ્રાપ્ત કરેલ જીવ છે. અપૂર્ણ

## —* સુંદર બાળ વચનામૃત. *—

(૧)

૧ અલ્પગુણી હોવા છતાં તેનું સારી રીતે સન્માન કરવું એજ આપણી ઉત્તમતાને સૂચવે છે.

૨ અતુલ કષ્ટ આવ્યા છતાં પણ હિંમત નહીં હારતાં આરંભેલ કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપૂર્ણ કરવામાંજ આપણી મહત્તા છે.

૩ અધિકારીપણું મળે તો પણ પોતાની મૂળ સ્થિતિને ન ભૂલતાં જેમ દરેકનો ઉપકાર થાય તેમ કરવું તેમાંજ આપણી શ્રેષ્ઠતા છે.

૪ અનુકૂળ સંયોગટાણે પ્રમાદમાં નહીં ફસાતાં પ્રતિકૂળતા આવ્યા પહેલાં આપણું કાર્ય કરી લેવું એમાંજ આપણી વિદ્વત્તા છે.

૫ અનુભવવડે આ અમૂલ્ય જીંદગીની કિંમત આંકી પોતાનું બુદ્ધિબળ તેમાં અર્પવું તેમાંજ શોભા છે.

૬ અસંતોષ આપણો પૂર્ણ શત્રુ છે, એવું સમજી તેનાથી પ્રતિદિન પોતાની ઓછાશ કરવી.

૭ અશુદ્ધ વિચારો આપણાં શુદ્ધ વર્તનનું ક્ષણવારમાં અધઃપતન કરી નાંખે છે, એવું જાણી નિરંતર પવિત્ર વિચારો સ્ફુરાવવા.

૮ અગત્યની બાબતને બીજાં હજારો કામ પડતાં મૂકી પ્રથમ સ્થાન આપવા ખાસ લક્ષ રાખવું.

૯ આફતમાં નહિ મુંઝાતા છતના રસ્તાઓ અહર્નિશ યુક્તિ પ્રયુક્તિથી શોધતાં રહેવું.

(૧૦) અલભ્ય વસ્તુ ઉદ્યમી માણસો અલ્પકાળમાં પ્રાપ્ત કરે છે, એવું જાણી આપણે ઉદ્યમથી છેટા ન રહેવું. **ભાઇલાલ સુંદરજી મહેતા.**

# જ્ઞાનીઓનાં સુવર્ણવચનોની માળા.

( અનુસંધાન પૃષ્ટ ૬૨ થી )

૧૧ અથાગ પરિશ્રમ વેઠી ઇચ્છાઓ તૃપ્ત કરવા કરતાં સંતોષ રાખવામાંજ ખરૂં સુખ છે.

૧૨ સત્યના અનુયાયીઓ સર્વ સ્થળે સત્યજ જુએ છે.

૧૩ મનુષ્યો ભવિષ્યની કાંઇ દરકાર ન રાખે તો વર્તમાન સ્થિતિ પણ તેમને વહેલી કંટાળામય થઇ પડે છે.

૧૪ તારી બદબોઇ થતી તું સાંભળે તો, જો તે સત્ય હોય તો તું સુધર, અને અસત્ય હોય તો હસી કાઢ.

૧૫ હૃદયમાંથી નીકળેલા શબ્દો યા લખાયલા પુસ્તકો બીજાનાં હૃદયોમાં પહોંચી જવાની અસાધારણ શક્તિ ધરાવે છે.

૧૬ અઘરામાં અઘરૂં શું? પોતાની જાતને ઓળખતાં શીખવું તે. સહેલામાં સહેલું શું? બીજાની ખોડો કાઢવી તે.

૧૭ મનુષ્ય જિન્દગી જરૂરીઆતોનું અવિચ્છિન્ન ઝરણું છે.

૧૮ સારા વિચારો સત્કાર્યની શરૂઆત સમાન છે; પણ અફસોસ કે ત્યાંજ વિરમનાર ઘણા હોય છે. સંગ્રાહકઃ—ચુનીલાલ સૌભાગ્યચંદ—ડીસાકાંપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દાન.

દાનના માહાત્મ્યથી સ્વજનોનો સંયોગ, સારા સારા ભોગ અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે. દાન સર્વ સંપત્તિનું મૂળ છે. બાકી બીજા બધા વૃક્ષ અને ડાળીઓ જેવા છે. દાનના પ્રતાપથી દાતાને અનુપમ સ્ફૂર્તિ થાય છે; પૂર્વ ભાવના પ્રેમથી પ્રેમી થયેલા સ્વજનો તો પ્રેમી હોય તેમાં નવાઈ નહિ. પરંતુ દાનના પ્રતાપથી તો દેવ દાનવ ભૂત પિશાચ વ્યંતર અને શત્રુ પણ પ્રતિકૂળપણું છોડી દઇ અનુકૂળતાને ભજે છે, મિત્ર થાય છે, પોતાના દાતારની તરફ સદ્ભાવ સાથે સંપૂર્ણ પ્રેમથી વર્તે છે, દાતાને તાબે પણ રહે છે. મુગ્ધ પુરુષો તો ગુણી નિર્ગુણીની પરીક્ષા કર્યા વગર દાન આપ્યાજ કરે છે. એમ કરતાં કોઈ વખત સત્પાત્ર મળી આવે છે, ત્યારે શ્રદ્ધાપૂર્વક સત્પાત્રમાં દાન આપવાથી તે ઘણા લાભને માટે થાય છે. કહ્યું છે કે—

व्याजे स्याद् द्विगुणं वित्तं, व्यवसाये चतुर्गुणं ।
क्षेत्रे शतगुणं प्रोक्तं, पात्रेऽनन्तगुणं पुनः ॥

ભાવાર્થ એ છે કે સત્પાત્રમાં આપેલું દાન અનન્ત લાભને માટે થાય છે. ઉત્તમ ક્ષેત્રમાં સારૂં બીજ વાવવાથી જેમ અનેક ગણું ફળ મળે છે, તેમ દાન પણ ઉત્તમ પાત્રમાં શ્રદ્ધાપૂર્વક આપવામાં આવે તો અનેકગણા ફળને આપવાવાળું થાય છે. જેમ સ્વાતિ નક્ષત્રમાં છીપના મુખમાં પડેલું જલબિંદુ મોતીરૂપે પરિણમે છે, તેમ સારી શ્રદ્ધાપૂર્વક સુપાત્રમાં દાન આપવામાં આવે તો તે મોક્ષપ્રાપ્તિને માટે થાય છે.

અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન—આ પાંચ પ્રકારનાં દાનના પણ દ્રવ્યદાન અને ભાવદાન એમ બે પ્રકારના ભેદ પડે છે. ટુંકમાં તેની વ્યાખ્યા આ પ્રમાણે છે—

**અભયદાન**—આખા જગત્‌માંના કોઈ પણ જીવને ત્રાસ ઉત્પન્ન ન કરવો, તેમ કોઇ જીવને મારતું હોય, તેને કીલામણા કરતું હોય તો તેને બચાવવા પ્રયત્ન કરવો, પોતે દુઃખ સહન કરીને પણ અન્ય આત્માને સુખી કરવા માટે મહેનત કરવી.

**સુપાત્રદાન**—જિનચૈત્ય, જિનપ્રતિમા, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા—એ સાત ક્ષેત્રમાં શ્રદ્ધાપૂર્વક બને તેટલું તન મન અને ધનથી (સહાયો દાન કરવું એ ખરૂં સુપાત્રદાન છે. અત્યારના સમયમાં આપણા શ્રાવક શ્રાવિકા વર્ગ બહુ દુઃખી અવસ્થામાં છે. કેટલાએક મહાનુભાવોને એક ટંકના રોટલાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સાંસા છે. આપણે ગામડામાં જઈ તપાસ કરીએ તો આપણને ખબર પડે કે આપણાજ જાતિભાઈઓ કેવી બુરી હાલતમાં છે, તેઓ કેવી દુર્દશા ભોગવે છે, એ જોઈ આપણું હૃદય કંપી ઉઠે, અંતે ગરીબાઈથી રીબાઈને તેઓ કાંતો મૃત્યુને શરણ થાય છે, અથવા અન્ય ધર્મનું શરણ લઈ નાત જાત અને ધર્મથી પણ ભ્રષ્ટ થાય છે. આપણી સમાજમાં દાન આપનારા ઘણા છે, પરંતુ તે દાનની નીક જો શ્રાવક શ્રાવિકા ક્ષેત્રમાં વહેતી કરવામાં આવે તો ઘણોજ લાભ થાય તેમ છે.

**અનુકંપાદાન**—કોઈ જીવ દુઃખથી પીડાતો હોય, તે જીવને કોઈ દુઃખ દેતું હોય તો પોતાની તેના નિવારણ પુરતી શક્તિ ન હોય તો ચિંતવન કરવું કે મારામાં એટલી શક્તિ નથી, કે આ દુઃખથી પીડાતા જીવને બચાવું અને જો શક્તિ હોય તો પોતાની શક્તિ અનુસાર દુઃખમાંથી મુક્ત કરવા પ્રયત્ન કરવો. (અત્યારના કેટલાક મહાનુભાવ દાતાઓ કોઈ દીન દુઃખી શ્રાવકને જોઈ તેના ઉપર અનુકંપા કરે છે અને જાણે કોઈ ગરીબને દાન આપતા હોય તેમ કટાણું મ્હોડું કરીને દાન આપે છે; પરંતુ તે મહાશયો પોતાના જાતિભાઈઓ ઉપર અનુકંપા કરવા કરતાં આ સુપાત્ર છે અને તેને આપવું એ મારી ખાસ ફરજ છે, એમ સમજીને દાન આપે તો તેને સુપાત્રદાનનો લાભ પ્રાપ્ત થાય છે.)

**ઉચિતદાન**—પુત્ર, ભાઈ, બ્હેન, અન્ય કુટુંબીઓ, સ્વજનવર્ગ, નોકર, ચાકર, શેઠ તેમ બીજા વિદ્યાગુરૂ આદિને યોગ્ય સમયે દાન આપવું તે ઉચિત દાન છે.

**કીર્તિદાન**—જગતમાં મારૂં સારૂં બોલાશે, દુનિયામાં મારી વાહ વાહ કહેવાશે એમ માત્ર વાહવાહને માટેજ દાન કરવું તે કીર્તિદાન છે. કેટલાએક માનપાનના ભુખ્યા દાતાઓ કીર્તિને માટે મરી પડે છે, અને સુપાત્ર દાન દેવા કરતાં કીર્તિની ઇચ્છાથી દાન વધારે આપે છે.

હવે ભાવ દાનનું સ્વરૂપ આ પ્રમાણે છે—

**ભાવ અભયદાન**—ભાવ અભયદાન તેજ કહેવાય કે આત્મ સમાન દરેક જીવોને દેખીએ. તેઓને સત્ય ધર્મ સમજાવીએ જેથી તેઓ સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરે તે ખરૂં અભયદાન છે; કારણકે પછી અમુક ભવોની હદ બંધાય છે. અને જન્મ મરણ ઓછાં થવાથી તેને મરણ ભય પણ ઓછો થાય છે, અને તેજ ભાવઅભયદાન કહેવાય છે.

**ભાવ સુપાત્રદાન**—તે જ્ઞાનદાન કહેવાય છે, કે જે દાન આપ્યા પછી કદી પણ કોઈ લઈ જઈ ન શકે. તે દાન લેનારને પણ જગતમાં કોઈનો ભય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન રહે અને સદા તેની વૃદ્ધિજ થયા કરે.

**ભાવ અનુકંપાદાન**—ભાવ અનુકંપાદાન તે કહેવાય છે કે-દરેક જીવને સાચા જિનેશ્વરદેવે પ્રરૂપેલા ધર્મને રસ્તે ચડાવવા, જેથી તેઓ શુદ્ધ માર્ગનું આલંબન લઇને આત્માનું સાધ્ય સિદ્ધ કરે.

**ભાવ ઉચિતદાન**—પોતાના કુટુંબ પરિવારને કે શેઠ જેવા ઉપકારીને ધર્મ પમાડી સાચે રસ્તે ચડાવવા તે ભાવ ઉચિતદાન સમજવું.

**ભાવ કીર્તિદાન**—ભાવ કીર્તિદાન તે કહેવાય છે કે—આત્માની સાથે લાગેલાં કર્મોને છોડવાનો પ્રયત્ન કરી મુક્તિ મેળવવી. જેથી આખી દુનિયા યશોગાન ગાય અને પોતાનું પણ કલ્યાણ કરી શકે.

આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે દ્રવ્યદાન કરતાં ભાવદાનનું મહાત્મ્ય ઘણુંજ વધી જાય છે ભાવદાન એકાન્તિક અને આત્યન્તિક ઉત્તમ ફળ આપનાર છે, અને દ્રવ્યદાન એકાન્તિક ફળ આપનાર છે. એટલે ઉપરથી કોઇ વાંચક મહાશયે એમ નથી સમજવાનું કે દ્રવ્યદાન ન આપવું. પરંતુ દ્રવ્યથીજ ભાવની શુદ્ધિ છે એમ સમજવું. જગતમાં શ્રદ્ધાપૂર્વક દાન આપનાર દાતા પુરૂષો જવલ્લે હોય છે. તેને માટે નૈતિક શાસ્ત્રમાં કહે છે કે-

शतेषु जायते शूरः, सहस्रेषु च पंडितः ।
वक्ता दशसहस्रेषु, दाता भवति वा नवा ॥

**ભાવાર્થ**—સો પુરૂષોમાં એક વીર પુરૂષ મળી આવે છે, અને હજાર મનુષ્યોમાં શોધ કરતાં એક પંડિત (જ્ઞાની) મળી આવે છે, દશ હજાર મનુષ્યોમાં એક વક્તા મળી આવે છે; પણ દાતા પુરૂષ તો મળે છે અથવા નથી પણ મળતો. આ ઉપરથી વાંચકો સમજી શકશે કે દાન આપવું અને તે પણ સુપાત્રમાં આપવું તે બહુ ઉત્તમ છે.

**ઉપસંહાર**--દાન, શીળ, તપ, અને ભાવના વાદવિવાદમાં અંતે દાનનું મહત્વ સિદ્ધ થયું છે, અને દાનમાં પણ અભયદાન અને સુપાત્રદાનની મુખ્યતા છે. દાન પાંચ પ્રકારના કહ્યા છે. તેના દ્રવ્યદાન અને ભાવદાનરૂપ બે બે પ્રકાર પાડી ભાવદાનની શ્રેષ્ઠતા બતાવી છે. મોક્ષમાર્ગમાં જવા ઇચ્છનાર મહાશયોએ પોતાની શક્તિ પ્રમાણે તન મન અને ધનથી દાન આપવા તત્પર થવું અને તે કુમતું આપણું શ્રાવકક્ષેત્ર તરતું કરવા વિશેષ પ્રયત્ન કરવો. આ સંવાદમાં સોમમંડનગણિકૃત **રત્નપાળ ચરિત્રની** મદદ લીધી છે. ઉપરાંત બીજું ઉમેર્યું છે તેમાં શાસ્ત્રવિરૂદ્ધ ન લખાય તેને માટે મેં બનતો ખ્યાલ રાખ્યો છે, છતાં પણ હું છદ્મસ્થ છું, કોઇક સ્થળે ભૂલ્યો પણ હોઉં તો તેને માટે પ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થીજ મિચ્છામિદુક્કડં માગું છું. જો કોઇ મહાશયને આ સંવાદમાં કે લેખમાં શાસ્ત્રવિરૂદ્ધ જેવું કાંઈ લાગે તો મને ખુશીથી જણાવશે તો સત્યનો સ્વીકાર કરવામાં કદી પાછી પાની નહિ કરૂં. છેવ્લે એ શબ્દમાં કહું છું કે—આ સંવાદમાં દાનની શ્રેષ્ઠતા સ્વીકારેલી છે. તેથી શીળ, તપ કે ભાવ નકામાં છે એમ કહેવાનો જરાય ઉદ્દેશ નથી તથા દ્રવ્યદાન અને ભાવદાનમાં ભાવદાનની મુખ્યતા બતાવી છે ત્યાં પણ કોઇ સુજ્ઞ વાંચક એમ સમજવાની ઉતાવળ ન કરે કે હું દ્રવ્ય દાનને ઉડાવવા માગું છું, દ્રવ્યથીજ ભાવની શુદ્ધિ છે એમ સમજવું.

મુનિ ન્યાયવિજય.

# નાની ભૂલનું મોટું પરિણામ

કોઈ પણ જીવ કાંઇ વિચાર યા કાય કરતી વખતે પોતાની સમજુતી મુજબ પોતે પ્રવૃત્તિ કરે છે. સંપૂર્ણ જ્ઞાનના અભાવને લીધે કે મોહના આધિનપણાને લીધે તે પોતાને અપૂર્ણ અથવા અજ્ઞાની માની શકતો નથી અને તેજ કારણથી પોતે જે જે કાર્ય કરે છે તેમાં તે ભૂલ કરે છે અને તેનું ભાવિ અનિષ્ટ પરિણામ ભયંકરપણે પોતાને ભોગવવું પડશે એમ તેને લાગતું નથી. વર્તમાનમાં આપણા જીવનવ્યાપારમાં આપણે જે જે પ્રવૃત્તિ કરીએ છીએ તે જો કે કેટલીક વખત કુદરતના નિયમથી અથવા જ્ઞાનીની દ્રષ્ટિથી વિપરીત છતાં આપણને તેમાં કાંઈ ભૂલ જણાતી નથી, પણ કુદરતના કાયદાથી કે કર્મના સામાન્ય નિયમથી તેનું જે અનિષ્ટ પરિણામ હોય છે તે તો ભોગવ્યા સિવાય છુટકો થતો નથી. કેટલીક વખત તેનું પરિણામ તાત્કાળિક ભોગવવું પડે છે. વખતે કાલાન્તરે આ ભવમાં ભોગવવું પડે છે અથવા સત્તામાં જો તે કર્મ રહે છે તો ભવાન્તરમાં પણ તે ભોગવવું પડે છે.

આ વિષય દાખલાથી વધારે સ્પષ્ટ સમજાશે એમ લાગે છે.

ભગવંત આદીશ્વર ભગવંતના જીવે પૂર્વ ભવમાં બળદોની ઉપર પડતા મારથી બચાવવા તેને મોઢે શીંકીઓ બાંધવાનો ઉપાય તેના માલીકને બતાવ્યો. માલીકે બળદના મોઢે શીંકીઓ બાંધી અને ઘાસ દાણા ખાતા અટકાવ્યા. તેઓએ ત્યાં અંતરાયકર્મ બાંધ્યું. તે તીર્થંકરના ભવમાં ચારિત્ર લીધા પછી ઉદયમાં આવ્યું અને વરસ દિવસ સુધી આહારનો અંતરાય પડ્યો. બળદને માર મારતા અટકાવવા માટે તેના માલીકને ઉપદેશ કર્યો હોત—માર મારતા અટકાવ્યા હોત અને શીંકીઓ બાંધવાનો ઉપાય ન બતાવ્યો હોત તો આ કર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધાત નહિ; પણ આ ઉપાય બતાવતી વખતે પોતાનાથી ભૂલ થાય છે એમ ભગવંતના તે ભવમાં તેમને લાગ્યું ન હતું, તેથી નાની સરખી ભૂલ થઇ ગઇ. આ ભૂલ થઇ છે અથવા દોષ સેવાયો છે એમ તેમને લાગ્યું હોત તો તે વખતે પ્રાયશ્ચિત્ત લઇ કર્મને નિર્જરાવી નાખત; પણ તેવું તે વખતે તેમને લાગ્યું ન હતું; પરંતુ કર્મ તો બંધાઇ ગયું, જેનું અનીષ્ટ પરિણામ ઉદયમાં આવી તેના કટુવિપાક બતાવ્યા સિવાય રહ્યું નહિ.

મહાસતી બ્રાહ્મી અને સુંદરીના જીવ પૂર્વભવમાં ભગવંત આદીશ્વરનો જીવ આચાર્ય હતા તે વખતે પીઠ અને મહાપીઠ નામના સાધુ હતા. ભરત મહારાજ અને બાહુબળીના જીવ પણ સાધુપણે હતા. ભરતમહારાજના જીવ આચાર્ય મહારાજની આજ્ઞાથી પાંચસો સાધુને માટે આહાર પાણી લાવી તેમને જ્ઞાન ધ્યાન અને રત્નત્રયીની સાધનામાં સહાય કરતા હતા. બાહુબળીનો જીવ એ સાધુ મહાત્માઓમાં જેઓને અશાતાનો ઉદય હોય તેમની વૈયાવચ્ચ કરવામાં પોતાનો કાળ નિર્ગમન કરતા હતા. પીઠ અને મહાપીઠ એ બે જાણ બહુ તપશ્ચર્યા કરતા હતા. અનશન તપ એ બાહ્ય તપ છે. વિનય અને વૈયાવચ્ચ એ અભ્યંતર તપ છે. અનશન તપથી જીવ જે કર્મ નિર્જરાવે છે તેના કરતાં વિનય અને વૈયાવચ્ચથી ઘણાં કર્મ નિર્જરાવે છે. વિનયવાન જીવ આહાર કરતાં છતાં ઉપવાસના ફળને પામે છે. ધર્મનું મૂળ વિનય છે. જીવને ઉંચી હદે લઇ જનાર વિનય છે. વિનય ગુણને **अपडिवाइ** કહ્યો છે, એટલે આગમમાં વિનય અને વૈયાવચ્ચનું મહત્વ ઘણું કહ્યું છે. કોઇ પ્રસંગે આચાર્યમહારાજે વિનય અને વૈયાવચ્ચ કરનાર મુનિઓના ગુણની પ્રશંસા કરી તે પીઠ અને મહાપીઠના જીવથી સહન થઇ શકી નહિ. તેઓને ખેદ થયો અને પોતાના તપનું અભિમાન આવ્યું કે 'અમે આટલો બધો કષ્ટકારી તપ કરીએ છીએ અને આ બન્ને તો નિરંતર આહાર કરે છે; છતાં અમારી પ્રશંસા નહીં કરતાં તેમની કરીને આચાર્ય મહારાજ પક્ષપાત કરે છે.' આ ઠેકાણે તે બન્ને મહાત્માઓએ નાની સરખી ભૂલ કરી એ તેમને લાગ્યું નહિ. પોતાના મનમાં જે અશુદ્ધ વિચારો ઉત્પન્ન થયા તેની ગુરૂમહારાજ પાસે આલોચના લેવી જોઇતી હતી તે લીધી નહિ. તેના પરિણામે તેમણે પુરૂષવેદને બદલે સ્ત્રીવેદ બાંધ્યો અને ભગવંત આદીશ્વરનાથી બ્રાહ્મી અને સુંદરીપણે ઉત્પન્ન થયા. બ્રાહ્મીએ ભગવંતની પાસે પ્રથમ દીક્ષા લીધી. સુંદરીને ભરતમહારાજે દીક્ષાની આજ્ઞા આપી નહીં અને સ્ત્રીરત્ન કરવાની બુદ્ધિએ પોતાના અંતેઉરમાં રાખી છ ખંડ સાધવાને દેશાન્તરમાં ગયા. સુંદરીનો જીવ તદ્ભવ મોક્ષગામી હતો. જન્મથીજ સંસારથી ઉદ્વેગ પામેલો હતો. પોતાના સૌંદર્યપણા ઉપર તેને ધિક્કાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છુટયો અને ચારિત્રમાં અંતરાય કરનાર પોતાનું સૌંદર્ય છે એમ તેમને લાગ્યું, તેથી આંબીલ તપની શરૂઆત કરી. ભરત મહારાજ સાઠહજાર વર્ષે છ ખંડ સાધી પોતાની નગરીએ પધાર્યા ત્યાં સુધી સુંદરીએ એ તપનું આલંબન શરૂ રાખ્યું અને સમતાપૂર્વક એ તપ કર્યો ભરત મહારાજને મહાસતી સુંદરીના તપની ખબર પડી એટલે ભગવંતની પાસે દીક્ષા લેવાની આજ્ઞા આપી. પ્રાંતે બ્રાહ્મી અને સુંદરી એ બંને જણ કર્મ ખપાવીને મોક્ષે ગયા.

પૂર્વ ભવમાં ઉદ્ભવેલી સહજ ઈર્ષાએ અને માયાએ કેટલું અનિષ્ટ પરિણામ નિપજાવ્યું ? આ નાની ભૂલ તે વખતે તેમના લક્ષમાં પણ આવી નહીં, પણ ભૂલે પોતાનું ફળ આપવામાં ભૂલ કરી નહિ.

ભગવંત મલ્લિનાથ પ્રભુના જીવે પૂર્વભવમાં મિત્રની સાથે ચારિત્ર પાળતાં તપ કરવામાં પોતાને મોટાઇ મળવાના હેતુથી માયા કરી ને વધારે તપ કર્યો, જો કે આ માયા આત્મસાધનમાં આગળ વધવા માટે કરી હતી, મિત્રોનું અહિત કરવા ખાતર કરી નહોતી, પણ શાસ્ત્રકારોએ આત્મસાધનમાં પણ અશુદ્ધતા સેવવાનો નિષેધ કર્યો છે. આત્માર્થીઓએ ધર્મના કિંવા આત્મહિતના કામમાં કદી પણ માયા અથવા છળકપટ કરવાનું નથી, અસત્ય બોલવાનું નથી, કિંવા અસત્ય પ્રરૂપણા કરવાની નથી; કેમકે એ સર્વ આત્માના ગુણોનો ઘાત કરનાર છે. તેમાં આત્મહિત વા ધર્મ નથી. આત્મધર્મ કેવળ નિષ્કપટ સ્વચ્છ અને પવિત્ર છે, તેમાં મલિનતાપણું ઘટી શકતું નથી. ભગવંત મલ્લિનાથના જીવે જો કે તે ભવમાં તીર્થંકર નામકર્મ જેવી ઉત્કૃષ્ટી પુણ્ય પ્રભાવિક નામકર્મની પ્રકૃતિનો બંધ કર્યો પણ અશુદ્ધતાએ પોતાનું કટુક ફળ બતાવ્યું, જેથી પુરૂષવેદને બદલે સ્ત્રીવેદ બાંધ્યો. અહીંયાં નાની સરખી ભૂલનું કેટલું મોટું અનિષ્ઠ પરિણામ આવ્યું !

પ્રવર્ત્તિની લક્ષ્મણા સાધ્વીએ ચકલા અને ચકલીને મૈથુન સેવતાં દેખ્યા, ઉપયોગ ભૂલ્યાં, અશુદ્ધતાએ જોર કર્યું અને વિચાર થયો કે 'કેવળી ભગવંત તો અવેદી છે તેમને વેદના સેવનથી શું સુખ છે તેનો અનુભવ કયાંથી હોય ? આ ચકલા અને ચકલીનું જોડલું કેવું આનંદ ભોગવે છે !' આવો વિચાર કરવાથી કેવળજ્ઞાનીઓની અને કેવળજ્ઞાનીની આશાતના પોતાનાથી થાય છે એમ તે વખતે તેમને લાગ્યું નહિ. થોડીવાર થઇ એટલે પોતાની ભૂલ સુઝી અને પશ્ચાત્તાપ થયો પણ આ નાની સરખી ભૂલ પણ ભયંકર ભૂલ હતી, અનંતા કેવળજ્ઞાનીઓની ઉપર તેમનો આક્ષેપ હતો, એટલે કે તેમની આશાતના થઇ હતી, તે સાથે કેવળજ્ઞાનનું જે મહત્વ તેને દૂષણ લગાડનારી ભૂલ હતી, એટલે એકલા પશ્ચાત્તાપથી તેના દોષનું નિવારણ થઇ શકે તેમ ન હતું.

For Private And Personal Use Only

શાસ્ત્રકારોની એ આજ્ઞા છે કે 'જાણતાં કે અજાણતાં પણ દોષ સેવાયો
હોય તો ગીતાર્થ આચાર્ય મહારાજ પાસે જેવી રીતે જેવા આશયથી દોષ
સેવ્યો હોય તે રૂપમાં નિર્દભપણે તે જાહેર કરીને તેનું પ્રાયશ્ચિત્ત આપે તે
પ્રમાણે તેનો અમલ કરવો. લક્ષ્મણા સાધ્વીને પોતાની ભૂલ સમજાણી અને
પોતાથી અનંતા કેવળજ્ઞાનીઓ અને કેવળજ્ઞાનની આશાતના થઈ ગઈ છે,
તેથી પ્રાયશ્ચિત્ત તો લેવું જોઈએ એમ તેને લાગ્યું. પ્રાયશ્ચિત્ત લેવા આચાર્ય
મહારાજ પાસે ગયાં પણ મનમાં થઈ આવ્યું કે 'મહારાથી આવું દૂષણ સેવાયું
છે એ જો હું પ્રગટ કરીશ તો મારી બહુ લઘુતા થશે' માટે તેવા પ્રકારની
લઘુતાથી બચવા ખાતર પ્રાયશ્ચિત્ત લેવામાં પડદો રાખ્યો, કપટ કેળવ્યું. આ-
ચાર્ય મહારાજને પૂછ્યું કે 'જો કોઈનાથી આવા પ્રકારનું પાપ સેવાયું હોય
તો તેનું શું પ્રાયશ્ચિત્ત?' ગીતાર્થ ગુરૂમહારાજે કહ્યું કે 'આ ઉગ્ર દોષ છે.'
કેમકે અનંતા કેવળીઓની આશાતના કરનાર છે. આ દોષનો દંડ પણ ઉગ્ર
છે. સાધ્વીએ તે અંગીકાર કર્યું અને ગુરૂના કહ્યા પ્રમાણે શુદ્ધિને માટે તપ-
શ્ચર્યા કરી. પણ મનના મલિનપણાને લીધે તેની શુદ્ધિ થઈ નહીં. હજુ પણ
તે સંસારમાં રઝળે છે? 'હું જો મ્હારૂં નામ પ્રગટ કરીશ તો મારી લઘુતા
થશે' આટલી નજીવી ભૂલ કરી પોતાનાથી દોષ સેવાયો છે એ વાત આચાર્ય
મહારાજ પાસે નિવેદન કરી નહિ તેના કટુક વિપાક તેના જીવને કેવી રીતે
ભોગવવા પડ્યા, એનું વર્ણન શાસ્ત્રમાં આવ્યું છે. તે વાંચતાં હૃદય કંપી ઉઠે
છે. "અરે! કર્મ રાજા! તમને જરા પણ દયા નથી. આવી નાની ભૂલને માટે
આટલા બધા કટુક વિપાક આપવામાં તમે જરા પણ આંચકો ખાતા નથી.
જીવો અજ્ઞાનતાથી ભૂલો કરે છે, એ અજ્ઞાનતાના દોષ ઉપર તમને જરાપણ
દયા આવતી નથી. સામાન્ય જીવોની એવી માન્યતા છે કે 'અજાણતાં દોષ
કરીએ તેથી કર્મો બંધ પડે નહીં, જાણી જોઈને કરીએ તોજ બંધ પડે.'
પણ તમે તો અજ્ઞાનતાને પણ માફી આપતા નથી." અજાણપણું અજ્ઞાનજનક
છે. અજ્ઞાનતાથી કે અજાણપણાથી દોષ સેવીએ તેના કટુકવિપાક ભોગવવા
પડશે નહિ અથવા ભોગવવા પડશે તો આટલા પ્રમાણમાં ભોગવવા પડશે નહીં
આવી જે માન્યતા છે એજ ભૂલ છે.

અપૂર્ણ

વકીલ નંદલાલ લલ્લુભાઈ—વડોદરા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# તપચિંતવનનો કાઉસ્સગ્ગ.

સવારના રાઇ પડિક્કમણામાં છઠ્ઠા આવશ્યકના આરંભમાં જે કાઉસ્સગ્ગ કરવાનો છે તેમાં તે દિવસે શું તપ કરવો તે ચિંતવવાનું છે. તે ચિંતવવાની રીત ન આવડવાથી ઘણા ભાઇઓ ને બ્હેનો તો ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે છે; પરંતુ એ ચિંતવન કાંઇ કઠિણ નથી. માત્ર તે જાણવા તરફ લક્ષ્યજ અપાતું નથી. તે ચિંતવન શી રીતે કરવું તે આ નીચે જણાવવામાં આવેલ છે.

'શ્રી મહાવીર ભગવંતના શાસનમાં ઉત્કૃષ્ટ છ માસ તપ થઇ શકે છે. ભગવાન મહાવીરે તેટલો તપ કરેલો છે. હે ચેતન ! તું કરી શકીશ ?' આનો જવાબ મનમાંજ ચિંતવવો કે 'તેટલી શક્તિ નથી.' પછી એક દિવસ ઉણો છ માસી તપ કરીશ ? બે દિવસ ઉણો છ માસી તપ કરીશ ? એમ એકેક દિવસ ઉણું યાવત્ પાંચ માસનો તપ કરીશ ? ત્યાં સુધી ચિંતવવું ને તેનો જવાબ પણ ઉપર પ્રમાણેજ 'શક્તિ નથી' એમ ચિંતવવો. પછી ચાર માસી તપ કરીશ? ત્રણ માસી તપ કરીશ ? બે માસી તપ કરીશ ? માસખમણ કરીશ ? એમ ચિંતવી જવાબ પણ પૂર્વ પ્રમાણેજ 'શક્તિ નથી' એવો ચિંતવવો.

પછી એક દિવસ ઉણું માસખમણ કરીશ ? બે દિવસ ઉણું માસખમણ કરીશ ? એમ એક એક દિવસ ચડતા ૧૩ દિવસ ઉણું માસખમણ કરીશ ? એમ ચિંતવવું. તેનો જવાબ 'શક્તિ નથી' એમ ચિંતવવો. પછી ૧૪ દિવસ ઉણું માસખમણને બદલે ૧૬ ઉપવાસની ૩૪ ભક્તની સંજ્ઞા છે, તેથી ૩૪ ભક્ત કરીશ ? ૩૨ ભક્ત કરીશ ? એમ બે ભક્ત એટલે એક એક ઉપવાસ ઘટાડતા ચોથ ભક્ત (એક ઉપવાસ) સુધી આવવું. જવાબમાં પોતે અગાઉ વધારેમાં વધારે જેટલો તપ કર્યો હોય ત્યાંથી 'શક્તિ છે, પ્રણામ નથી' એમ ચિંતવવું. અને ત્યાં સુધી 'શક્તિ નથી' એમ પ્રથમ પ્રમાણેજ ચિંતવવું.

ત્યાર પછી 'આંબેલ કરીશ? નીવી કરીશ ? એકાસણું કરીશ? બેઆસણું કરીશ?' એમ ચિંતવી જવાબમાં 'શક્તિ છે, પ્રણામ નથી' એમ ચિંતવવું. ત્યાર પછી 'અવઢ્ઢ કરીશ ? પુરિમઢ્ઢ કરીશ ? સાઢપોરસી કરીશ ? પોરસી કરીશ ? નવકારશી કરીશ?' એમ ચિંતવવું. તેમાં તે દિવસે જે તપ કરવો હોય તેની અગાઉ 'શક્તિ છે, પ્રણામ નથી' એમ કહેવું અને કરવો હોય તે તપ વખતે 'શક્તિ છે, પ્રણામ પણ છે' એમ ચિંતવી કાઉસગ્ગ પારવો. છેવટ નવકારશીમાં તો એવો જવાબ ચિંતવીનેજ કાઉસગ્ગ પારવાનો છે. આ બાબત બરાબર વિચારી રખાય તો તેટલું ચિંતવન કરતાં ચાર લોગસ્સથી વધારે વખત લાગતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી તળાજામાં તાળધ્વજગિરિ ઉપર પ્રતિષ્ઠા મહોત્સવ.

તળાજા શહેર ભાવનગર તાબાનું છે. તેમાં સુમારે ૪૦૦૦ માણસોની વસ્તી છે. ભાવનગર સ્ટેટનો તે એક મહાલ છે. તેના તાબામાં સો લગભગ ગામો છે. દરબારી વહીવટદાર ત્યાં રહે છે. આ શહેરની તદન નજીકમાં તાળધ્વજ નામની એક સુંદર ટેકરી છે. તે સિદ્ધાચળની એક ટુંક (વિભાગ) તરીકે પ્રખ્યાત છે. તેના ઉપર આપણા જૈનમંદિરો બહુ વર્ષો થયાં છે. મુસલમાની વખતમાં તેની ઉપરના જિનમંદિરમાંથી પ્રતિમાને ભૂમિમાં ભંડારવામાં આવેલા, તે કાળના ફેરફારે પાછા બહાર નીકળવાથી મૂળ મંદિર સમરાવીને ૧૧૦ વર્ષ અગાઉ તેમાં શ્રી સુમતિનાથજીના શ્યામ વર્ણી બિંબને સ્થાપન કરેલા છે. તે બિંબ વિશેષ પ્રભાવિક હોવાથી શાચાદેવના નામથી પ્રસિદ્ધ છે. તે મંદિરની એક બાજુએ અગ્યાર દેરીઓ એક સાથે સંલગ્ન છે. તે બધીમાં જિનબિંબો સ્થાપેલા છે. આ મંદિરવાળી ટેકરીથી ઉંચાણમાં એક બીજી ટેકરી છે. તેની ઉપર એક નાના મંદિરમાં ચતુર્મુખ જિનબિંબ સ્થાપેલા છે. તેની પ્રતિષ્ઠા શ્રી રાધનપુરના મસાલીઆ કુટુંબે કરેલી છે. તે જગ્યા બહુ ઉંચાણમાં હોવાથી ત્યાંથી એક દિશાએ શ્રી સિદ્ધાચળ સ્પષ્ટ દેખાય છે. તેની સન્મુખ બેસીને ચૈત્યવંદન કરવા માટે ત્યાં ખાસ ગોઠવણ કરી છે.

મુખ્ય મંદિરની નીચેના ભાગમાં કેટલીક સરખાઇવાળી જમીન છે. ત્યાં મંદિર બંધાવવાની આચાર્ય શ્રી વિજયનેમિ સૂરીશ્વરના ઉપદેશથી શ્રી અમદાવાદ નિવાસી શેઠ દલપતભાઈ મગનભાઈ હઠીસંઘની ધર્મપત્ની લક્ષ્મી બહેનની ઇચ્છા થવાથી તેમણે તળાજા સંઘને પોતાની ઇચ્છા જણાવી, તેમણે તે વાત સ્વીકારી ને જિનમંદિરનું કામ શરૂ થયું. તે જિનમંદિર બહોળે ભાગે બંધાઇ રહેતાં તેમાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરવાનું મુકરર કરવામાં આવ્યું. મૂળનાયક તરીકે તળાજા નજીક સાખડાસર ગામની જમીનમાંથી નિકળેલા શ્રી પાર્શ્વનાથજીનાં બિંબને સ્થાપવાનું મુકરર કરવામાં આવ્યું, અને બીજા જિનબિંબો લક્ષ્મીબહેન અમદાવાદ વિગેરે અનેક સ્થળોએથી લાવ્યા. પ્રતિષ્ઠાનું મુહૂર્ત વૈશાખ શુદિ ૧૦નું મુકરર થતાં સદરહુ મંદિરમાં બિંબ પ્રવેશ ફાગણ શુદિ ૩ જે કરાવવામાં આવ્યો.

આ મંદિરમાં ભોંયરૂં બહુ સુંદર અને પ્રકાશવાળું કરેલું છે. તેની અંદર જિનબિંબ પધરાવવાની સારી ગોઠવણ કરી છે. તે ભોંયરા સંબંધી ખર્ચ શેઠ લાલભાઈ ભોગીલાલ લલ્લુભાઇ અમદાવાદ નિવાસીએ આપેલો છે અને તેમાં પાંચ જિનબિંબો તેમણે પધરાવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેરાસરની ઉપર શિખરો ૩ બહુ સુંદર બનાવ્યા છે. તેમાંના મધ્યના શિખરમાં ચૌમુખ જિનબિંબ પધરાવવાની ગોઠવણ કરી છે. તે સ્થાને શીહોરના એક ગૃહસ્થે ૪ જિનબિંબો હાલ પ્રાહુણા દાખલ રૂા. ૨૦૦૦) થી આદેશ લઇને પધરાવ્યા છે. તેની પ્રતિષ્ઠા હવે પછી થવાની છે. બે બાજુના બે શિખરમાં એકેક રક્તવર્ણના પરિકરવાળા બહુ સુંદર બિંબ પધરાવવામાં આવ્યા છે. આ બિંબો બહુ પ્રાચીન અને શોભનિક છે. મુખ્ય મંદિરમાં હાલ ત્રણ ગભારામાં ૯ અને બે જાળીઓ સામે બે એમ ૧૧ બિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. બે મોટા કાઉસગ્ગીઆનું પબાસણથી નીચે અંદરના ભાગમાં સામસામું સ્થાપન કરવામાં આવ્યું છે. બીજા એક શ્વેત મોટા બિંબ અને ૩ શ્યામ ને ૨ રાતા બિંબ વધ્યા છે તે પ્રાહુણા દાખલ રાખવામાં આવ્યા છે. રંગમંડપમાં દશ ગોખલાઓ છે. તેમાં ૬ ગોખલામાં એકેક જિનબિંબની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. રંગમંડપની બહારના ભાગમાં જમણી ને ડાબી બાજુ એકેક છુટી દેરી બનાવી છે. તેમાં ગજમુખ યક્ષ ને પદ્માવતી દેવીની સ્થાપના કરવામાં આવી છે. જિનમંદિરની પાછળના ભાગમાં એક આરસની સુંદર દેરી બનાવી છે. તેમાં શ્રી ઋષભદેવજીની ચરણપાદુકા પધરાવવામાં આવી છે. એ પાદુકા બહુજ સુંદર બનાવવામાં આવી છે. તે દેરીની પાછળ તેને લગતું રાયણનું વૃક્ષ રોપવાની ઇચ્છા છે.

પ્રાચીન સાચાદેવના મંદિરની જમણી બાજુ ૧૧ દેરીઓ છે તેની બાજુમાં ગુરૂમંદિર ખાસ નવું બાંધવામાં આવ્યું છે. તેનો ખર્ચ શ્રી અમદાવાદ તત્ત્વવિવેચક સભા તરફથી કરવામાં આવ્યો છે. તેમાં નીચે જણાવેલા ૧૫ ગુરૂમહારાજની મૂર્તિઓ પ્રવચન મુદ્રાવાળી (હાથમાં નવકારવાળી રાખેલી) અને ૭ ગુરૂની ચરણપાદુકા પધરાવેલ છે. તેની પણ આ મુહૂર્ત્તેજ પ્રતિષ્ઠા કરેલી છે—

| | | |
|---|---|---|
| ૧ શ્રી ગૌતમસ્વામી | ૨ સુધર્માસ્વામી | ૩ જંબૂસ્વામી |
| ૪ ભદ્રબાહુસ્વામી | ૫ સુસ્થિતસૂરિ | ૬ સિદ્ધસેન દીવાકર |
| ૭ ચંદ્રસૂરિ | ૮ સમંતભદ્રસૂરિ | ૯ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ |
| ૧૦ હરિભદ્રસૂરિ | ૧૧ સર્વદેવસૂરિ | ૧૨ જગચ્ચંદ્રસૂરિ |
| ૧૩ હેમચંદ્રાચાર્ય | ૧૪ હીરવિજયસૂરિ | ૧૫ વિજયસેન સૂરિ |

પાદુકાઓ—૧ વિજયદેવસૂરિ ૨ વિજયસિંહસૂરિ ૩ સત્યવિજયજી ૪ યશોવિજય ઉપાધ્યાય. ૫ પં. ગંભીરવિજયજી ૬ શ્રી વિજયનેમિસૂરિના શિષ્ય પ્ર. યશોવિજયજી અને ૭ મુ. ઋદ્ધિવિજયજી.

તદુપરાંત આ ગુરૂમંદિરમાં ડાબી બાજુએ શ્રીમાન્ વૃદ્ધિચંદ્રજી મહારાજની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક સુંદર મૂર્ત્તિ પધરાવવામાં આવી છે. તે આબેહુબ તેઓ સાહેબની છબી પ્રમાણે કરાવવામાં આવી છે. સામી બાજુ કુમારપાળ રાજાની નાની સરખી મૂર્ત્તિ જાળીઆ નીચેના ભાગમાં પધરાવી છે, ને મૂળનાયક તરીકે પધરાવેલા શ્રી ગૌતમસ્વામીની નીચેના ભાગમાં તેમની અધિષ્ઠાયિકા સરસ્વતી દેવીની મૂર્ત્તિ પધરાવવામાં આવી છે.

મૂળ મંદિરની અંદર પણ બે ગોખલામાં બે પ્રતિમાજી ને ૧૧ દેરીઓ પૈકી બે દેરીમાં ૩ પ્રતિમાજી આ મુહૂર્ત્ત પધરાવવામાં આવેલા છે.

નવીન મંદિરના ભોંયરામાં મૂળનાયકની નીચે તેમની અધિષ્ઠાયિકા દેવીની મૂર્ત્તિ ઉપરાંત રંગમંડપમાં ત્રણ ગોખલામાં શ્રી ચક્રેશ્વરી, વાઘેશ્વરી અને કપર્દીયક્ષની મૂર્ત્તિ પધરાવેલી છે. મધ્યના મંદિરમાં ત્રણ ગભારાના ત્રણ મૂળ નાયકજીની નીચે તેમની અધિષ્ઠાયિકા પદ્માવતી, અંબિકા ને સિદ્ધાયિકા-એ ત્રણ દેવીની મૂર્ત્તિનું સ્થાપન કરવામાં આવ્યું છે.

એ પ્રમાણે એ મુહૂર્ત્તે એકંદર ૨૪-૨-૩ મળી ૨૯ પ્રભુની મૂર્ત્તિઓ, ૧૬ ગુરૂમૂર્ત્તિઓ, ૭ ગુરૂપાદુકા, ૭ દેવીની મૂર્ત્તિઓ, ૨ યક્ષની મૂર્ત્તિ ને ૧ કુમારપાળની મૂર્ત્તિનું સ્થાપન કરવામાં આવ્યું છે. તેમાં લક્ષ્મીબહેન તરફથી નવીન મંદિરના મૂળ ગભારામાં ૮ પ્રતિમાજી ને ૨ કાઉસગ્ગીઆ અને ભોંયરામાં પાંચ પ્રતિમાજી શેઠ લાલભાઈ ભોગીલાલ તરફથી બેસાડવામાં આવેલ છે. બાકીના તમામ પ્રતિમાજી વિગેરે નકરો બોલાવીને પધરાવેલ છે. ધ્વજાદંડ ને ઇંડા (કળશ) ચડાવવામાં પણ ૩ ધ્વજદંડ લક્ષ્મીબહેન તરફથી ચડાવવામાં આવ્યા છે અને બીજા નકરાથી ચડાવેલા છે.

આ દેરાસર બહુજ સુંદર બંધાણું છે. સ્થંભો, ચોકડાની સાખો વિગેરે આરસના ખાસ મકરાણાથી બનાવીને મંગાવેલા છે. હજુ કામ ઘણું બાકીમાં છે. તમામ પૂરૂં થશે ત્યારે તો બહુજ રમણિક લાગશે, હજુ તેની ફરતો ગઢ વિગેરે કરવાનું તેમજ જમીન સરખી કરવાનું કામ તદ્દન બાકીમાં છે. તે પણ હવે પછી કરવામાં આવશે.

આ પ્રતિષ્ઠાના પ્રસંગ ઉપર લક્ષ્મીબહેન તરફથી અઠ્ઠાઈ મહોચ્છવ કરવામાં આવેલ છે. તેમજ તેમણે અને લાલભાઇ શેઠે પાંચ પાંચ છોડનું ઉદ્યાપન પણ પધરાવેલ છે. આ કાર્ય માટે નામદાર ભાવનગર દરબારશ્રી પાસે માગણી કરતાં દરબાર ગઢની તમામ જમીન ખાસ તે ઉપયોગમાં વાપરવા ખાલી કરી આપી હતી. તેમાં બહુ સુંદર મંડપ બાંધવામાં આવ્યો હતો, અને અંદર શ્રી શત્રુંજય, ગીરનાર તથા સમવસરણની રચનાઓ પ્રવીણ કારીગર પાસે બહુ સુંદર કરાવવામાં આવી હતી. તેમાં ગણુ પધરાવવામાં આવ્યા હતા. સમવસરણની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળના ભાગમાં પાલીતાણાથી લાવેલ સુશોભિત સિંહાસન ત્રણ કમાનવાળું રાખ્યાં તેમાં પ્રભુ પધરાવ્યા હતા. બધા પ્રતિમાજીની આંગી દરરોજ બહુ સુંદર કરવામાં આવતી હતી. તેમની સમીપે દરરોજ નવી નવી પૂજાઓ ભણાવવામાં આવતી હતી. પૂજા ભણાવવા માટે પાલીતાણાની ટોળીવાળા ભાઈઓ આવ્યા હતા. નાચનારા છોકરાની મંડળી પણ આવી હતી. ભાવનગરથી બેન્ડ મંગાવ્યું હતું. નોબત પણ બેસતી હતી. રોશની માટે ખાસ ઇલેકટ્રીકની ગોઠવણ કરવામાં આવી હતી. તેણે સંખ્યાબંધ દીવાઓવડે અને તેની નવી નવી આકૃતિઓવડે મંડપને એવો શોભાવી દીધો હતો કે પ્રથમ જોનાર તો અજાયબ થઇ જાય.

મંડપની ઉપરના ભાગમાં ઓશરીની અંદર ઉદ્યાપન પધરાવવામાં આવ્યું હતું. તેમાં બંને ગૃહસ્થ તરફથી બે બે છોડ ઝીક ચળકના ભરેલા ને ત્રણ ત્રણ છોડ લપેટાના હતા. ઝીક ભરેલા છોડમાં એલાચી કુમારના નાટકની અને મધુબિંદુની સુંદર રચના કરવામાં આવી હતી. દરેક છોડમાં સો સો ઉપરાંત જ્ઞાન, દર્શન ને ચારિત્રના ઉપગરણો દાખલ કર્યા હતા. પરમાત્માના આભૂષણો પણ મૂક્યા હતા. બીજોરૂં તો હીરામાણેકનું જડાવ હતું. એકંદર બધા છોડમાં થઇને સારી કિંમતનો સામાન મૂકાયેલો હતો.

મહોત્સવની શોભા અપૂર્વ થઇ હતી. તે જોવા માટે બહારગામથી સુમારે દશ હજાર જૈનો અને તેટલી સંખ્યામાં જૈનેતર વર્ગ આવેલ હતો. મહોત્સવની શરૂઆત વૈશાખ શુદિ ૩ થી કરવામાં આવી હતી અને તેજ દિવસે ઉજમણાના છોડ બાંધ્યા હતા. શુદિ ૫ મે શત્રુંજય, ગીરનાર ને સમવસરણ વિગેરેમાં પ્રતિમાજી પધરાવવામાં આવ્યા હતા અને તાળધ્વજગિરિ ઉપર નવીન જિનમંદિરમાં કુંભસ્થાપન ને ગ્રહદિગ્પાળ પૂજનની ક્રિયા કરવામાં આવી હતી. શુદિ ૬ ઠે પ્રતિમાજીને ૧૮ અભિષેક અને ગુરૂમૂર્ત્તિ તથા ગુરૂપાદુકાઓને અભિષેક કરવામાં આવ્યા હતા. શુદિ ૭ મે દંડ કળશાદિકને અભિષેક કરવામાં આવ્યા હતા. શુદિ ૮ મે યક્ષ યક્ષીણીને અભિષેક અને તેને લગતી હોમાદિ ક્રિયા કરવામાં આવી હતી. શુદિ ૯ મે જળયાત્રાનો વરઘોડો ચડાવવાનો હતો, પણ વિધિયુક્ત જળ પ્રથમ લાવેલ હોવાથી અને વખત થોડો હોવાથી રથયાત્રાનો વરઘોડોજ ચડાવવામાં આવ્યો હતો. ત્યાર અગાઉ પણ શુદિ ૫ થી શુદિ ૮ સુધી ચારે દિવસ પૂજા ભણાવ્યા પછી વરઘોડા ચડાવવામાં આવ્યા હતા. ચાંદીનો રથ, પાલખી, ઇંદ્રધ્વજ વિગેરે વરઘોડાની સામગ્રી પાલીતાણે કારખાનામાંથી લાવવામાં આવી હતી. કેટલીક સામગ્રી ભાવનગરથી લઇ ગયા હતા અને પુષ્કળ સામગ્રી અમદાવાદથી લાવ્યા હતા.

શુદિ ૩ થી શુદિ ૧૦ સુધી બંને ટંકની નવકારશી જુદા જુદા ગૃહસ્થો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફથી કરવામાં આવી હતી. સાંજે તો ચોરાશી કરવાનું રાખ્યું હતું. એટલે જૈન સિવાયના બીજા વણિકોને પણ આમંત્રણ કરવામાં આવતું હતું. તેમનો સહાય પણ સારો હતી. દરરોજ નવા નવા પકવાનો કરવામાં આવતા હતા. સ્વામીભાઈની ભક્તિનો લાભ પણ સારો લેવામાં આવ્યો હતો.

તળાજા ગામને લગતી તળાજી નદીમાં પાણી માટે કુવા ખોદતાં પુષ્કળ પાણી નીકળ્યું હતું, જેથી તે સંબંધી ચિંતા દૂર થઈ હતી. ગામમાં જુદે જુદે ઠેકાણે ઘણી પરબો માંડવામાં આવી હતી. જેથી તમામ લોકોને તૃષા સહન કરવી પડે તેમ નહોતું. રોશની માટે આખા શહેરમાં ને ડુંગર ઉપર રસ્તે તેમજ મંદિર પાસે કીટ્સનનો બંદોબસ્ત કરાવેલો હતો જેથી શહેર ને પર્વતનો માર્ગ પ્રકાશિત થઇ રહેતો હતો.

વિધિ વિધાન કરાવવામાટે અમદાવાદથી મફતલાલભાઈ તથા મોહનલાલભાઇ વિગેરે ધર્મબંધુઓ આવ્યા હતા. તેમણે ક્રિયાનું કામ બહુ સંગીન રીતે કર્યું હતું. શુદિ ૧૦ મે સૂર્યોદય પછી સ્ટા. ટા. ૯ા અને ૯ મીનીટે પ્રતિષ્ઠા થઇ હતી. શુદિ ૧૧ શે રાત્રે વૃષ્ટિ કરવામાં આવી હતી. શહેર ફરતી ધારા વાડી દેવામાં આવી હતી અને શુદિ ૧૨ શે પ્રાતઃકાળે દ્વાર ઉઘડાવવાની ક્રિયા થઇ હતી.

શ્રી અમદાવાદથી આચાર્ય શ્રી વિજયનેમિસૂરિના શિષ્ય શ્રી વિજયદર્શનસૂરિ પધાર્યા હતા. તેઓ ક્રિયા સંબંધી કાર્યમાં બહુ સારો ભાગ લેતા હતા. તેમના સાનિધ્યપણાથી શુદિ ૧૦ મે પ્રતિષ્ઠાનું મુહૂર્ત બહુ સારી રીતે જળવાણું હતું અને તેજ દિવસે બપોરે નવીન જિનમંદિરમાંજ અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. તેને માટે ફળ નવેદ્ય વિગેરેની ગોઠવણ બહુ સારી કરવામાં આવી હતી. પુષ્પો પણ દરરોજ પાલીતાણાથી પુષ્કળ મંગાવવામાં આવતા હતા. પરમાત્માની ભક્તિમાં કોઇ પ્રકારની ખામી નહોતી.

આ શુભ પ્રસંગને લઇને લક્ષ્મીબહેનના અમદાવાદ ખાતાના બહોળા સંબંધથી ત્યાંથી ઘણા ગૃહસ્થો પધાર્યા હતા; તેમજ ભાવનગરથી અને આજુબાજુના મહુવા વિગેરે ગામોથી ઘણા આગેવાનો પધાર્યા હતા. નકરાની તેમજ પૂજા આરતિના ઘી વિગેરેની ઉપજ સારી થઈ હતી. કેટલીક વખત તો અણધારી ઉપજ થતી હતી.

ભાવનગર સ્ટેટ તરફથી શે. સર પટ્ટણી સાહેબ પાસે માગણી થતા તંબુ, રાવટીઓ, કનાતો, જાજમો, તોરણીઆઓ વિગેરે તમામ સામાન માગ્યા પ્રમાણે મળ્યો હતો. ભાવનગરના નામદાર મહારાજા સાહેબને આ પ્રસંગ ઉપર પધારવાની પ્રાર્થના કરવામાં આવી હતી; પરંતુ ગરમી વધારે પડતી હોવાથી તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામદાર પધારી શકયા નહોતા. તળાજા નજીક ગોપનાથ મુકામે પાલીતાણાના ઠાકોર સાહેબ શ્રી બહાદુરસિંહજી હવા ખાવા માટે રહેલા હોવાથી તેઓ નામદારને આમંત્રણ કરવામાં આવ્યું હતું. તે તેમણે સ્વીકાર્યું હતું; અને પ્રતિષ્ઠાને દિવસે શુદિ ૧૦ મે સાંજે ૭ વાગે તેઓ નામદાર અને મે. સર પટ્ટણી સાહેબ વિગેરે ભાવનગર સ્ટેટના મુખ્ય મુખ્ય અમલદારોએ તથા ભાવનગરના નગરશેઠ પરભુદાસભાઇએ પધારવાની તસ્દી લીધી હતી. પ્રથમ ડુંગર ઉપર ગયા હતા. ત્યાં નવીન જિનમંદિરમાં ને પ્રાચીન જિનમંદિરમાં તેમજ ગુરૂમંદિર વિગેરેમાં દર્શનનો લાભ લઇ નીચે આવ્યા હતા અને પછી મંડપમાં પધાર્યા હતા. ત્યાં બેઠક કરવામાં આવી હતી. પ્રારંભમાં પાલીતાણા ઠાકોર સાહેબ પાસે એક કિંમતી સાફો ને રૂ. ૧૦૧ અને ભાવનગરના ના. મહારાજા સાહેબને મોકલવા માટે કિંમતી સાફો અને રૂ. ૧૫૧ નજરાણા તરીકે મે. પટ્ટણી સાહેબ પાસે ધર્યા બાદ લક્ષ્મીબહેનના પુત્રી સરસ્વતી બહેને સ્વાગતને લગતું ભાષણ વાંચ્યું હતું. તેમાં પધારેલા નામદાર ઠાકોર સાહેબનો તેમજ મે. પટ્ટણી સાહેબ વિગેરેનો આભાર માનવામાં આવ્યો હતો. ત્યારબાદ જણાવ્યું હતું કે–

" તાલધ્વજ ગિરિ એ અમારૂં જુનું અને પવિત્ર ધામ છે. કેમકે આ શત્રુંજયની એક ટુંક ગણાય છે. અહીં ૧૧૦ વર્ષ અગાઉ જ્યારે આગલી ટુંક ફરીને બાંધવામાં આવી ત્યારે ભાવનગરના મહારાજા વખતસિંહજીએ અમને આ તીર્થની સેવા ભક્તિ માટે જે માયાળુ અને અભયવચનો આપ્યા હતા, તે યાદ કરૂં છું ત્યારે રાજ્યપ્રેમથી મારૂં હૃદય હર્ષ પામે છે. અને અત્યારે પણ રાજ્ય તરફથી દરેક રયાસત, ઉતારા, જળાશયો, સુધરાઇ, વૈદ્યક, પોલીસ, વહીવટી તેમજ દરેક ખાતાની છુટે હાથે જે મદદ મળી છે; તેમજ અત્રે જાતે પધારી આપે જે લાગણી દર્શાવી છે, તે માટે અમે આપ નામદારના ઋણી છીએ. આ પ્રસંગે નામદાર મહારાજાના દર્શનની અમને સર્વને તિવ્ર અભિલાષા હતી, પરંતુ સખ્ત તાપ અને મુસાફરીની હાડમારીથી તે લાભ મેળવવામાં અમે બેનસિબ રહ્યા છીએ, તો પણ રાજ્યની દરેક મદદથી વીશ હજાર માણસોની મેદનીમાં સર્વત્ર શાન્તિ અને વ્યવસ્થા સાચવી શકાઇ છે તે અમારા તરફની રાજ્યની અમીદૃષ્ટિની યાદગાર નીશાની છે, તેમ મારે સહર્ષ સ્વીકારવું જોઇએ. અમારા મુખ્ય તીર્થ શ્રી શત્રુંજયના સાનિધ્યમાં આવેલા શ્રી પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબે પણ આજે અત્રે પધારવાની તસ્દી લઇ અમારા તરફ જે સદ્ભાવ બતાવ્યો છે તે માટે તેઓ નામદારના પણ અમો આભારી છીએ. "

ભાવનગરવાળા શેઠ કુંવરજી આણંદજીએ ત્યાર બાદ જણાવ્યું કે–"અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(રાજનગર)ના ગૃહસ્થો તાલધ્વજ તીર્થે આવી લાખો રૂપીઆ ખર્ચે અને તેમાં અમારૂં રાજ્ય ખડેપગે પડખે ઉભું રહેલું હોય તે જોવા માટે અમે ભાવનગરના શહેરીઓ તરીકે મગરૂર છીએ. અમારૂં રાજ્ય હમેશાં ધાર્મિક કાર્યોમાં મદદ આપતુંજ આવ્યું છે; કેમકે તેમાં તે પિતૃધર્મ પીછાણે છે અને પ્રજા તરીકે અમે પુત્રધર્મ બજાવતા રહીએ તેમ હું ઇચ્છું છું. આ પ્રસંગે નામદાર બાળ મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી ન પધારી શકયા તે અમને ઉણપ લાગે છે. આ મહોત્સવના બહોળા કામને પહોંચી વળવામાં તળાજાના દરેક ભાઈયોએ કોમના ભેદ વિના સારી મહેનત કરી છે. તેમજ શેઠ કેશવજી જુંજાભાઇએ ઘણું સેવા ઉઠાવી છે. વળી અત્રેના તેમજ વણથલી, વરલ, પાલીતાણા અને મહુવાના સ્વયંસેવક મંડળો, બાળાશ્રમના યુવકો વિગેરેએ જે સેવા ઉઠાવી છે, તે માટે તેમને માન ઘટે છે. તેમજ અત્રેના દરેક ખાતાના નાના મોટા અધિકારીઓએ અમારી સાથે એકરૂપ થઇ જઇને દરેક સગવડો આપવામાં જે ઉત્સાહ ભરી કાળજી બતાવી છે તે અમારાથી ભુલાય તેમ નથી. ”

નામદાર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી સાહેબે તે પછી જણાવ્યું કે- “સંસારમાં માણસનાં ઘણા ધર્મો છે, તેમાં સૌથી પ્રથમ ધર્મ પ્રભુ તરફની વફાદારીનો છે. એટલે તે ધર્મ જે નથી ચુકતો તેજ બધા ધર્મમાં આરપાર ઉતરી શકે છે. આજે લક્ષ્મીબ્હેને અત્રે છુટા હાથે ખર્ચ કરીને તથા તન મન અર્પીને તે ધર્મ બજાવ્યો છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. જો કે આ ધન્યવાદ અત્યારે આપવાનો વિવેકજ છે, છતાં તેમણે આ પુણ્યકાર્યનો જ્યારે સંકલ્પ કર્યો હશે ત્યારથીજ તે પ્રભુને ચોપડે નોંધાઇ ગયો હશે, અત્યારે તો તેનું આ માત્ર સરવૈયું છે.

મેં સાંભળ્યું છે તેમ પ્રભુને મંદિરે જવાને એક ડગલું ભરતાં જન્મે જન્મના પાપ ધોવાય છે, તો પછી આ તો પ્રભુમંદિર માટે પોતાનું સર્વ અર્પીને લક્ષ્મીબ્હેને ધર્મની પૂજા કેટલી પવિત્ર છે તે બતાવી આપ્યું છે; તેવા પુણ્યકાર્યમાં પગલા ભરવાના મહદ્ પુણ્યનો લાભ લેવા હું પણ ભાગ્યશાળી થયો છું, એટલે અમારા આવવાને ઉપકારની દ્રષ્ટિએ બતાવવાની જરૂર નથી.

આજની ભવ્યતા જોઇને મને લાગી આવે છે કે—અત્રે નામદાર મહારાજા સાહેબને હું લાવી શકયો નહિં. તમારી લાગણી છતાં આમ કરવામાં કેવળ તેમના બાહ્ય શરીરના હિતનોજ વિચાર કર્યો, કે જેમ કરતાં તેમના આંતર શરીરને જે પુણ્યનો આનંદ મળત તે ભૂલી જવાથી મારી આ ભૂલ સુધારવાને મારી યાત્રાના આજના પુણ્યમાંથી એક ડગલાનું પુણ્ય મારા માટે ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાકી બધું પુણ્ય તેમને મળે તેમ માગી લઉં છું. મહારાજા સાહેબને આજે પ્રભુદર્શનના લાભમાં હું આડે આવ્યો છું, એટલુંજ નહિ પણ તેમના આનંદને અંતરાય પાડવામાં અને તમારો પ્રેમ જોતાં પ્રજાથી વિમુખ રાખવાની મારા વહીવટમાં આ બીજી ભૂલ થઇ છે તેમ મને જણાવાથી અફસોસ થાય છે, પરન્તુ હવે ઉપાય નથી. એટલે હું ખાત્રી આપું છું કે આ સર્વ હકીકત હું તેઓશ્રીને નિવેદન કરીશ, અને તેમ કરતા ભૂલનો ઠપકો સહન કરી લઇશ.

તમે ભાવનગર રાજ્ય અને અધિકારીઓની મદદ માટે ઘણી પ્રશંસા કરી છે. પણ આટલા લાંબા અનુભવ પછી હું પૂછું છું કે જ્યાં ભાવનગર રાજ્ય અને પ્રજા એકરૂપ છે, ત્યાં આવા ઉપલક વિવેકની જરૂર હોય ખરી? જ્યાં સુધી સંબંધીઓમાં પરસ્પર સંબંધ હૃદયની આરપાર ઉતરી ગયો ન હોય ત્યાં સુધી વિવેકના ઉપચારની જરૂર ભલે મનાતી હોય, પણ એકરૂપતા પ્રાપ્ત થયા પછીનો વિવેક તો મશ્કરી જેવોજ લાગે છે. ભાવનગર રાજ્યમાં રાજ્ય અને પ્રજા કે અધિકારીઓ અને પ્રજા એ સર્વમાં પરંપરાનો સંબંધ છે, રાજ્ય જે કરે તે ફરજ છે, ને જો તેમાં ઉણપ હોય તો તે પ્રજાના પ્રેમની ઉણપના બી રોપે છે, તેમ મને લાગે છે. વળી આ તો ધર્મકાર્ય છે, એટલે તેમાં કોઇ પણ સ્ટેટ પ્રજા સાથે લાભનો વિચાર કરે તે માનવું ખોટું છે, કેમકે રાજા એ પ્રજાનો પાલક છે, અને પ્રભુથી બીજે નંબરે છે. એટલે તેવી સેવા અમે હમેશાં કરતા રહીએ કે જેથી અમારા બાળ મહારાજાનું રાજ્ય હમેશાં પુણ્યથી તપે.

પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબ માટે તમે જે વિવેક કર્યો તે માટે હું તેઓ નામદાર મહારાજાની વતી કહીશ કે–તમારા પ્રેમથી તેમને આનંદ થયો છે. જૈનધર્મનું પ્રથમ દરજ્જાનું તીર્થસ્થાન શ્રી શત્રુંજય છે, જ્યારે આ તો તેનું એક શિખર–ટુંક છે. એટલે તેવા પવિત્ર સ્થાનના તમે ભક્ત છો, અને તેઓ રક્ષક છે, એટલે તેના હિતમાં તેમને સ્વાભાવિક આનંદ હોઇને અત્યારે બીજા રાજ્યમાં પણ તમારા આનંદમાં ભાગ લેવાને તેઓ પધાર્યા છે, તેમાં તે ધર્મ સમજે છે, એટલે તે માટે ઉપકારના શબ્દોની જરૂર નથી.

આજે અહીં હજારો માણસોને એકઠા થયેલા હું જોઉં છું, તેથી મને એક દૃષ્ટાંત યાદ આવે છે. ગંગામાં હજારો માણસને ન્હાતા જોઇ પાર્વતીજીએ શંકરને પૂછ્યું હતું કે 'ગંગાજીમાં ન્હાવાથી પાપ માત્ર ધોવાય છે, તો આ લાખો મનુષ્યને સ્વર્ગમાં જગ્યા કયાં મળશે ?' શંકરે આ પ્રશ્નના સમાધાન માટે મનુષ્યરૂપે કાદવમાં ખુંચી જઇ જે પાપ રહિત હોય તેના ખેંચવાથી હું નીકળીશ તેમ જાહેર કર્યું. આ વખતે સેંકડો માણસ ત્યાં નાહીને પાછા વળતાં હતાં, છતાં તેઓ પાપ ધોઇ આવ્યા છે તેવું તેમના હૃદયમાં ન આવ્યું, જ્યારે એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામડીઓ 'હું ગંગામાં ન્હાયો છું તેથી મને પાપ રહ્યું નથી' તેમ કહી પ્રભુના હાથને ખેંચવા ગયો. આ રીતે પ્રભુની શ્રદ્ધાપૂર્વક કરેલી ભક્તિનું ફળ સૌ સમજે તેમ ઇચ્છું છું, અને આ પુણ્યકાર્યથી આજે પવિત્ર બનેલાં લક્ષ્મીબ્હેન પાસેથી નામદાર મહારાજા અને રાજ્ય તરફ આશિર્વાદ મળે તેમ ઇચ્છું છું.

મહારાજા વખતસિંહજીએ તમને જે અભયવચનો આપેલાં છે, તે મહારાજા ભાવસિંહજીના પુત્રના વખતમાં શીલાલેખે લખાયેલાં તમે જોશો. ધર્મના કાર્યમાં રાજાનો દશમો ભાગ છે, એટલે તે વચન સાચાંજ પડશે, તમે આ તીર્થ સુખે ભોગવો તેમ હું ઇચ્છું છું."

મે. પટ્ટણી સાહેબના કહી રહ્યા બાદ પાલીતાણાના નામદાર મહારાજા વિગેરેનો ફરીને આભાર માનવામાં આવ્યો હતો. અને મેળાવડો બરખાસ્ત થયે હતો. આ મેળાવડાથી સર્વને બહુ આનંદ થયો હતો.

મે. પટ્ટણી સાહેબે ત્યાંથી વિદાય થતી વખત મે. વહીવટદાર સાહેબ સાથે કહેવરાવ્યું કે 'નામદાર ભાવનગરના મહારાજા સાહેબ તરફથી લક્ષ્મીબહેનને રૂ ૫૦૦) ચાંડલા તરીકે આપવામાં આવશે.' આ હકીકત બહાર પડતાં થયેલા હર્ષમાં ઉમેરો થયો હતો, અને ભાવનગરના મહારાજાના સર્વત્ર વખાણ થવા લાગ્યા હતા.

આ મહોત્સવના પ્રસંગ ઉપર શ્રી પાલીતાણાથી આવેલા સ્વયંસેવકોએ તેમજ મહુવા જૈન બાળાશ્રમના વિદ્યાર્થીઓએ અને વણથળી, વરલ તથા તળાજાના સ્વયંસેવક વિગેરેએ ઘણોજ પ્રયાસ કર્યો છે. તેને માટે તેઓ ખરેખરા ધન્યવાદને પાત્ર છે. પોલીસે સંભાળ બહુ સારી રાખી છે, મ્યુનીસીપાલીટીએ સ્વચ્છતા બહુ સારી જાળવી છે અને મે. વહીવટદાર સાહેબે તમામ પ્રકારની સગવડ તરફ ધ્યાન આપ્યું છે, તેથી તે સર્વનો આભાર માનવા યોગ્ય છે.

આ દેરાસર બંધાવવામાં તેમજ આ પ્રતિષ્ઠાપ્રસંગમાં તળાજા નિવાસી દેશવજીભાઇનો પ્રયાસ ખરેખર પ્રશંસા પાત્ર છે. તેને માટે તેમને પુરતું માન ઘટે છે. પ્રતિષ્ઠા કાર્યમાં તળાજા સંઘના બીજા બંધુઓએ પણ સારો પ્રયાસ લીધો છે.

તળાજા ભાવનગરથી ૩૨ માઇલ લગભગ થાય છે. ત્યાં જવા માટે ભાવનગરથી મોટરનું સાધન સારૂં છે. ઉપરાંત ખાસ પાંચ મોટરો અમદાવાદથી આવેલ હતી. તેમની સાથે ભાડા સંબંધી ઠરાવ મુકરર કરેલો હતો, તેથી તળાજે આવનાર જનારને સારી સગવડ થઇ હતી.

આવા મહોત્સવો વારંવાર બની શકતા નથી. મોટી સંખ્યામાં માણસો એકત્ર થયા છતાં અને સુષ્કળ ગરમી પડતી હતી, છતાં તમામ માણસોની પ્રકૃતિ જળવાણી, સુખશાંતિ વર્તી અને સૌ આનંદ સાથે પોતપોતાને સ્થાનકે પહોંચી ગયું એ હકીકત આનંદજનક છે. પ્રાંતે આ શુભ પ્રસંગની અનુમોદના કરવા વાંચક વર્ગને સૂચવી આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# वर्त्तमान समाचार.

## ૧ શ્રી જૈન શ્રેયસ્કર મંડળની ત્રિવાર્ષિક સભા.

આ સભા શ્રી પાલીતાણામાં તા. ૬–૫–૨૪ ના રોજ નરશી નાથાની ધર્મશાળામાં મળી હતી. પ્રમુખ તરીકે શ્રી મેસાણાવાળા શા. ડાહ્યાભાઈ ધોલાભાઈ બીરાજ્યા હતા. બીજા પણ એ મંડળના કેટલાક સંભાવિત ગૃહસ્થો પધાર્યા હતા. શ્રી જૈન શ્રેયસ્કર મંડળનો તથા જૈન કેળવણી ખાતાનો સંવત ૧૯૭૭-૭૮-૭૯ એ ત્રણ વર્ષનો હીશાબ તથા રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો. તે પાસ કરી છપાવવાની પરવાનગી આપવામાં આવી હતી અને ઉપજ પ્રમાણે ખર્ચ કરવાની પરવાનગી આપી હતી. તેમજ નવા અધિકારી વિગેરેની રીતસર નીમનોક કરવામાં આવી હતી. તેમાં પ્રમુખ તરીકે બાબુ સાહેબ રાજકુમારસિંહજી, ઉપપ્રમુખ શેઠ મણિભાઈ ગોકળભાઈ અને શેઠ પ્રેમજી નાગરદાસ, સેક્રેટરી તરીકે શેઠ વેણીચંદ સુરચંદ વિગેરે નીમાયા હતા. પ્રાંતે પ્રમુખ સાહેબે પોતાને પ્રમુખ નીમવા સંબંધી આભાર માની, મંડળના કાર્યથી બહુ સંતોષ બતાવ્યો હતો. હીસાબની ચોખવટથી સંતોષ પામી અન્ય સંસ્થાવાળાઓને તેવી ચોખવટ રાખવાની સૂચના કરી હતી. વેણીચંદભાઈના નિઃસ્વાર્થ આત્મભોગથી આ સંસ્થાજ નહીં પણ જૈન કોમ તેની આભારી છે એમ જણાવ્યું હતું; અને આ સંસ્થા જે જે ખાતા નીભાવે છે તે દરેકને માટે સંતોષ બતાવી તેમાં સહાય આપવાની જૈનવર્ગને પ્રાર્થના કરી મેળાવડો બરખાસ્ત કર્યો હતો.

## ૨ બનારસનાં સમાચાર.

બનારસથી એક જૈનબંધુ લખે છે કે–"શ્રી સાગરાનંદ સૂરિજી મહારાજ ૧૧ ઠાણા સાથે પગે ચાલતાં અહીં પધાર્યા છે. તેઓ વિશ્વવિદ્યાલય જોવા માટે પધારતાં પુજ્ય માલવીયાજીની મુલાકાત બહુ સારીરીતે થઇ હતી. તેમની સાથે શાસ્ત્ર વિનોદ થતાં પૂજ્ય માલવીયાજી બહુજ પ્રસન્ન થયા હતા અને પોતાના બંગલામાં પધારવા આમંત્રણ કર્યું હતું; પરંતુ તેઓ સાહેબને શીખરજી તરફ પધારવાની તાકીદ હોવાથી વધારે ન રોકાતાં કલકત્તા તરફ વિહાર કરી ગયા છે. આવા મુનિઓ--આચાર્યો ખરેખર જૈનશાસનના ભૂષણ સમાન છે."

## ૩ શ્રી જૈન સાહિત્ય પરિષદ્–સુરત.

આ પરિષદ્ વૈશાખ વદિ ૧–૨–૩ ના રોજ ભરવાના આમંત્રણો બહાર પડ્યા છે. પારષદ્ ભરાણી છે. ઝવેરી જીવણચંદ સાકરચંદ વિગેરેનો તે સંબંધમાં પ્રયાસ છે. અમે તેની ફતેહ ઇચ્છીએ છીએ. (વધારે આવતા અંકમાં.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ૪ રાંધણપુર ખાતે આંબિલવર્દ્ધમાન તપના સંબંધમાં થયેલ અભિવૃદ્ધિ.

આ ખાતું શરૂ થયાને બહુ વખત થયો નથી, તેટલા વખતમાં કાર્યવાહકોના પ્રયાસથી તેના ફંડમાં રૂ ૩૧૩૦) ભરાણા છે અને સામાન્ય તિથિએ રૂ ૧૫૦) ના વ્યાજમાં આંબિલ કરાવવાનું ઠરાવેલ હોવાથી તેવી તિથિ ૧૧૬ નોંધાણી છે તેના રૂ ૧૭૪૦૦) આવ્યા છે. બાર તિથિ પૈકીની તિથિના રૂ ૨૫૦) ઠરાવ્યા છે. તેવી તિથિ ૩૫ નોંધાણી છે, તેના રૂ ૮૭૫૦) આવ્યા છે. રૂ ૪૦૦) ઉપરાંતના વાસણો વિગેરે સંસ્થાને ભેટ મળ્યા છે, ઉપરાંત શેઠ જીવતલાલ પ્રતાપશીએ આંબિલ કરાવવાના સ્થાનની અગવડ દૂર કરવા રૂ ૧૦૦૦૦) આપવા કબુલ કર્યા છે. જે મકાન બંધાવ્યા બાદ તેને તેમના પિતાશ્રીનું નામ આપવાનું સંસ્થાના કાર્યવાહકોએ સ્વીકાર્યું છે. વિશેષમાં આસો ચૈત્રની બંને ઓળીના ૧૮ દિવસોએ પોતાની તરફથી આંબિલ કરાવવાનું તેજ ગૃહસ્થે (જીવાભાઈએ) સ્વીકાર્યું છે. હવે દિવસો બહુ થોડા આપવાના રહ્યા છે. ધારણા પ્રમાણે થોડા વખતમાં બધા દિવસો અપાઈ જવા સંભવ છે, રાંધણપુર ખાતે હાલમાં લક્ષ્મીવાનોની સંખ્યા સારી છે અને તેમાં પણ આવા ઉદારદિલવાળા ગૃહસ્થો છે તેજ તેની શોભા છે. આ સંબંધમાં ઉદારદિલ બતાવનાર ગૃહસ્થોને તેમજ તેના કાર્યવાહકો કેશવલાલ હરજીવનદાસ વિગેરેને પણ ધન્યવાદ ઘટે છે.

### ૫ શ્રી જૈન યુવક પરિષદ્—ભાવનગર.

આ પરિષદ્ જેઠ શુદિ ૧૩—૧૪—૧૫ તા. ૧૫—૧૬—૧૭ જુનના રોજ ભરવાનું મુકરર થયું છે. આમંત્રણો બહારગામ મોકલાણા છે. ઉત્સાહ સારો છે. પ્રમુખ તરીકે નવસારી નિવાસી રા. રા. મગનલાલ જગજીવનદાસને નીમવામાં આવ્યા છે. તેઓ યુવાન અવસ્થાવાળા અને ઉત્સાહી છે.

### ૬ શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ. પાલીતાણા.

આ શ્રાવિકાશ્રમની સ્થાપના વૈશાખ શુદિ ૩ બુધવારે પાલીતાણા ઠાકોર સાહેબના મહારાણીશ્રીના હસ્તથી કરવામાં આવી છે. આ ખાતાની સ્થાપનામાં શેઠ નરોત્તમદાસ ભાણજીના ધર્મપત્ની સુરજ બહેનનો તેમજ શા. મોહનલાલ ગોવિંદજીની ધર્મપત્ની બહેન હરકોરનો ઘણો શ્રમ છે. તેમણે ખાસ મુંબઈ જઈને આ ખાતાના ફંડમાં રૂ. ૧૫૦૦૦) ની અને વાર્ષિક રૂ. ૨૦૦૦) ની મદદ મેળવી છે. સેક્રેટરી તરીકે એ બે બહેનો ઉપરાંત વકીલ હરીલાલ શંકરભાઈની પુત્રી બહેન સમરત નીમાયેલ છે પ્રમુખ તરીકે બહેન સરસ્વતી તે શેઠ દલપતભાઈ મગનભાઈ અમદાવાદવાળાની પુત્રીની નીમનોક કરી છે. આશ્રમમાં દાખલ થવાની અરજીઓ આવવા લાગી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ આશ્રમની સ્થાપના પ્રસંગે પાલીતાણાના ઠાકોરસાહેબ શ્રી બહાદુરસિંહજી પણ પધાર્યા હતા. મેળાવડો ઘણો સુંદર થયો હતો. તેમાં વડોદરા નિવાસી સુલોચના બહેન પધારતાં તેમના સુમનોજ્ઞ ભાષણથી ઘણી વૃદ્ધિ થઇ હતી. સ્ત્રીઓની તેમજ પુરૂષોની ફરજ સમજાવવા માટે તેમનું ભાષણ ઘણું અસરકારક હતું.

પાલીતાણાના ના. ઠાકોરસાહેબ અને મહારાણીજીનું આવી રીતે જૈન પ્રજા સાથે ભેળાવું તે ખાસ ઇચ્છવા યોગ્ય છે. અમે એના સુંદર ફળોનું આસ્વાદન કરવા ઇચ્છીએ છીએ.

# पुस्तकोंनी पहोच.

## જૈનેતર દ્રષ્ટિએ જૈન.

આ બુક મુનિરાજશ્રી અમરવિજયજીના પ્રયાસથી બહાર પડેલ છે. તેની અંદર સંગ્રહ બહુજ ઉપયોગી કર્યો છે. બુકના બે વિભાગ રાખેલા છે. પહેલા વિભાગમાં જૈનેતર હિંદુ વિદ્વાનોએ જૈનધર્મના સંબંધમાં શું શું લખ્યું છે તેનો સંગ્રહ છે, તે અંગના ૧૩ લેખો છે. તેમાં પાછળના ૪ લેખોમાં જૈનાચાર્યની મધ્યસ્થપણાની ખુબી બતાવેલી છે. સિદ્ધસેન દીવાકરની દ્વાત્રિંશીકા અર્થ સહિત આપેલી છે. આ વિભાગે પૃષ્ટ ૧૮૭ રોકેલા છે.

બીજા વિભાગમાં યુરોપિયન છ વિદ્વાનોના લેખોનું ભાષાંતર આપેલ છે તે ખાસ વાંચવા લાયક છે. તેમાં પૃષ્ટ ૧૨૫ રોકાયેલા છે. આ બંને વિભાગમાં આવેલા લેખોનું રહસ્ય પ્રારંભમાં પૃષ્ટ ૫૯ માં પ્રસ્તાવના લખીને ઉક્ત મહારાજશ્રીએ પ્રદર્શિત કરેલ છે. તેમાં બહુ પ્રયાસ કર્યો છે.

પ્રાંતે જૈન સાહિત્યની યોજના જે જૈન પત્રમાં બે વર્ષ અગાઉ આપી હતી તે પ્રસિદ્ધ કરેલ છે. તેમાં જુદા જુદા વિષય ઉપર ૨૫ લેખકો લેખ લખનાર છે એમ જણાવ્યું છે, જેમાં બહોળો ભાગ (૧૯) યુરોપીયન લેખકોનો છે. આ યોજના પ્રમાણેના લેખો બહાર પડવાથી જૈન સાહિત્યપર બહુજ અંજવાળું પડશે. મહારાજશ્રીનો આ પ્રયાસ અત્યંત સ્તુત્ય છે. બુક ઘણી મોટી છતાં કિંમત માત્ર બાર આના નામનીજ રાખી છે. બહારગામવાળાને પોસ્ટેજ સાથે રૂ ૧) થી મળે તેમ છે. શ્રીભરૂચનિવાસી ભાઇ ડાયાભાઇ દલપતભાઇએ નકલ ૫૦૧ રાખીને તેમજ બીજા ગૃહસ્થોએ પણ ઘણી નકલો પ્રથમથી રાખીને આ કાર્યને ઘણી પ્રશંશાપાત્ર સહાય આપી છે. મંગાવનારે ભરૂચ શેઠ ડાયાભાઇ દલપતભાઇ ઉપરજ પત્ર લખવાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨ નવતત્ત્વ વિસ્તરાર્થ.

આ બુક શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભાના ઓ. સે. દ્વારા શા. જેશીંગભાઈ કાળીદાસ શેરદલાલે છપાવીને પ્રસિદ્ધ કરી છે. તેની એક નકલ તેમના તરફથી ભેટ તરીકે મળી છે. તેના પ્રારંભમાં આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરનો તેમજ આચાર્ય શ્રી વિજયોદયસૂરિનો ફોટો આપેલ છે. ત્યારબાદ પ્રસ્તાવના અને વિષયાનુક્રમણિકા સારા વિસ્તારથી આપેલ છે. આ બુકમાં નવતત્ત્વ તો ગાથા ૫૯ ના આપેલા છે, પરંતુ તેનો વિસ્તારયુક્ત અર્થ પૃષ્ઠ ૩૫૨ માં આપેલો છે. પ્રાંતે ૧૮૦ ગાથાવાળા નવતત્ત્વ આપેલા છે. પ્રકરણના અભ્યાસીને માટે આ બુક ઘણીજ ઉપકારક છે. આમાં પ્રયાસ આચાર્ય શ્રી વિજયોદયસૂરિનો છે. તેઓ સાહેબે તેમના વિસ્તૃત જ્ઞાનનો આ બુક દ્વારા જૈનવર્ગને સારો લાભ આપ્યો છે. કિંમત રૂ. ૪) રાખી છે. તે પ્રયાસના પ્રમાણમાં વધારે નથી. મંગાવવા ઇચ્છનારે ઉપર જણાવેલ પ્રકાશક ઉપર અમદાવાદ માણેકચોક કરીને પત્ર લખવો.

## ૩ શ્રી આત્મ વલ્લભ પૂજાસંગ્રહ.

આ બુકમાં શ્રી વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજની કરેલી ૨૩ પૂજાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. સાથે તેનો વિધિ પણ આપેલ છે. બંને કર્તા મહાપુરૂષોના ફોટા આપેલા છે. મુનિરાજ શ્રી વલ્લભવિજયજીએ શોધી આપેલ છે અને ભાવનગર નિવાસી માસ્તર માણેકલાલ નાનજીએ છપાવેલ છે. સહાયક તરીકે પણ સારી સંખ્યામાં ગ્રાહકોના હોવાથી મળી ગયા છે. બુક ઘણી સારી છપાણી છે. કિંમત રૂ. ૨) રાખેલ છે. તે હાલના છપાવવાના ખર્ચના પ્રમાણમાં ઓછી છે. બુક ખરીદ કરવા લાયક છે. શ્રી રાધનપુર નિવાસી ઉદારદિલ શેઠ મોતીલાલ મુળજીભાઈને પ્રકાશકે આ બુક અર્પણ કરી છે અને તેમના ફોટા સાથે તેમનું જીવનચરિત્ર પણ સંક્ષેપમાં આપેલું છે. મંગાવનારે પ્રકાશક ઉપર અથવા શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામથી પત્ર લખવો.

## ૪ શ્રી સિદ્ધાચલ મહાતીર્થ સ્તવનાવળી.

આ બુક વરતેજનિવાસી ભાવસાર ગાંડાલાલ માનચંદ કોંટ્રાકટરે છપાવીને બહાર પાડી છે. ચૈત્યવંદનો, સ્તવનો અને સ્તુતિઓનો સંગ્રહ સારો કર્યો છે. કિંમત રાખી નથી. એક આનાની ટીકીટ મોકલીને મંગાવનારને ભેટ તરીકે આપવા ઇચ્છા જણાવી છે. વરતેજ ગામ ભાવનગર પાસે આવેલ છે, તેથી મંગાવનારે વરતેજ તાબે ભાવનગર એમ કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ.

(વિભાગ પહેલો ને બીજો સીલકમાં રહેલ નથી.)

વિભાગ ૩ જો. સ્થંભ ૧૩ થી ૧૮ વ્યાખ્યાન ૯૦. કિં રૂ. ૩-૦-૦

વિભાગ ૪ થો. સ્થંભ ૧૯ થી ૨૪ વ્યાખ્યાન ૯૦. કિં રૂ. ૩-૦-૦

દરેકના પોસ્ટેજ આઠ આના. નકલો થોડી છે.

---

## શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર–વિભાગ ૧–૨–૩–૪–૫.

દરેક વિભાગની કિંમત બે બે રૂપીઆ હતી, તેમાંથી પેલા વિભાગની બીજી આવૃત્તિ થવાથી તેની કિંમત રૂ ૨-૮-૦ કરેલ છે. એટલે કુલ રૂ ૧૦ાા થયેલ છે. પાંચે ભાગ સાથે લેનારનો રૂ. ૧ ઓછો લેવામાં આવશે. બીજા ભાગોની પણ બીજી આવૃત્તિઓ થવાની છે. તે થશે એટલે કિંમત વધશે તે ધ્યાનમાં રાખવાનું છે. તરતમાં મંગાવી લેવા યોગ્ય છે.

## શ્રી મુંબઇ જૈન એજ્યુકેશન બોર્ડ તરફથી લેવાયેલી પરીક્ષાનું પરિણામ.

પુરૂષ વિભાગના બાલવર્ગમાં મુંબઇમાંથી ૧૯, ભરૂચ ૧, બોટાદ ૫, લીંચ ૩ જુનાગઢ ૧૬, મ્હેસાણા ૧, સુરત ૪, ઝીંઝુંવાડા ૬, થરા ૫, વલસાડ ૩, વઢવાણ ૪, ચાણસ્મા ૫, પાદરા ૭, પાટણ ૨, અને જુનાગઢ ૧, કુલ ૮૨

બાળ ધોરણ બીજામાં સુરત ૨, મ્હેસાણા ૨ અને પાદરામાંથી ૪ કુલ ૮

ધોરણ ૧લામાં માણસા ૧, મ્હેસાણા ૩, ભરૂચ ૨ અને કરાંચીમાંથી ૧ કુલ ૭

ધોરણ બીજામાં મુંબઇ ૯, મ્હેસાણા ૧, ચાણસ્મા ૨, પાદરા ૩, ને પાટણમાંથી ૧ કુલ ૧૬

ધોરણ ૪ થામાં બોટાદ ૧, ભરૂચ ૧ ને ચાણસ્મામાંથી ૧, કુલ ૩

ધોરણ ૫ મું. ન્યાય વિષયમાં મુંબઇમાંથી ૧, દ્રવ્યાનુયોગમાં મ્હેસાણામાંથી ૧, અધ્યાત્મ વિષયમાં ચાણસ્મામાંથી ૧, પ્રકીર્ણ વિષયમાં લીંચમાંથી ૧, તથા ઇતિહાસ વિષયમાં મ્હેસાણામાંથી ૧. કુલ ૫

કન્યા વિભાગમાં ધોરણ ૧ લામાં ખંભાતમાં ૪, લીંચ ૩, ભરૂચ ૧, થરા ૨, બોટાદ ૪, ભાવનગર ૬, વઢવાણ કેમ્પ ૨, પાદરા ૨, અમદાવાદ ચીંચપોકલી ૧, પાટણ ૨, ને મુંબઇ ૭. કુલ ૭૪

ધોરણ બીજામાં લીંચમાંથી ૩ ને અમદાવાદમાંથી ૧૧ કુલ ૧૪

સ્ત્રી ધોરણ ૧ લામાં કપડવંજ ૩, ઝીંઝુવાડા ૧, બોટાદ ૩, વઢવાણકેમ્પ ચાણસ્મા ૧, પાદરા ૨ ને અમદાવાદમાંથી ૧૦. કુલ ૨૧

ધોરણ બીજામાં પાદરા ૧, ને કપડવંજ ૧, ધોરણ ૩જામાં ચાણસ્મા ૩, ૪ (અ) માં કપડવંજ ૧, પાદરા ૧, ચાણસ્મા ૨ અને ધોરણ (બ) માં મુંબઇમાંથી ૧ એ પ્રમાણે પાસ થયા છે.

સ્થળ સંકોચને લીધે પસાર થયેલાના નામો અમે પ્રગટ કરી શકયા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શારદાવિજય ગ્રંથમાળા તરફથી બહાર પડેલી નીચેની બુકો અમારે ત્યાંથી મળી શકશે.

પુંડરિક ચરિત્ર મહાકાવ્ય. સંસ્કૃત. ૧૩ ચિત્રો સાથે. મૂળ. કિંમત રૂ. ૧૦)
પુંડરિક ચરિત્ર ભાષાંતર. ૧૩ ચિત્રો સાથે. કિંમત રૂ. ૫)
ઉવસગ્ગહર સ્તોત્ર લઘુવૃત્તિ. પ્રિયંકર નૃપ કથા સાથે. મૂળ. સંસ્કૃત. કિંમત રૂ.

પુંડરિક ચરિત્ર મૂળ તથા ભાષાંતરની એક સાથે દશ નકલ ખરીદનારને કમીશન ટકા વીશ મળશે. સાધુ મુનિરાજ વાસ્તે તથા ભંડાર વાસ્તે એક નકલ મંગાવનારને તેમજ જૈન ધર્મ પ્રસારક સભાના મેમ્બરોને પણ મૂળ કિંમત કરતાં રૂ. ૧) ઓછો લઈને આપવામાં આવશે.

### નીચે જણાવેલી બુકો પણ અમારે ત્યાં મળશે.

ભાવનગર જૈન સસ્તી વાંચનમાળાની.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી મહાવીર પરમાત્માના દશ શ્રાવકો | ૧-૪-૦ |
| ૨ | શ્રી કુમારપાળ મહારાજા અને હેમચંદ્રાચાર્ય | ૧-૪-૦ |
| ૩ | શ્રી મુક્તિમાર્ગ દર્શક—ભક્તિમાળા | ૦-૮-૦ |
| ૪ | શ્રી ચંદનબાળા મહાસતીનું ચરિત્ર | ૦-૩-૦ |

---

### ૫ શ્રી અભયકુમાર મંત્રીશ્વરનું ચરિત્ર. વિભાગ ૨ જો

લેખક ને પ્રકાશક શા. મોતીચંદ ઓધવજી—ભાવનગર. કિંમત રૂ ૩

---

### શાસ્ત્રી નર્મદાશંકર દામોદરે તૈયાર કરી છપાવેલ

૬ સંસ્કૃત સ્વયંશિક્ષક કિંમત રૂા. ૧-૪-૦

આ છએ બુકો દશ અથવા વધારે મંગાવશે તેમને યોગ્ય કમીશન આપવામાં આવશે.

તંત્રી

---

### બાળાના રસિયા માટે નાના નાના ચરિત્રો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | જય વિજય કથા. | ૦-૩-૦ | ૨ | કળાવતી વિગેરેની કથા. | ૦-૩-૦ |
| ૩ | સરસ્વતી વિગેરેની કથા. | ૦-૪-૦ | ૪ | સુરપાળ વિગેરેની કથા. | ૦-૩-૦ |
| ૫ | યશોધર ચરિત્ર | ૦-૬-૦ | ૬ | છ મોટી કથા. | ૦-૩-૦ |
| ૭ | તેર કાઠીયાની કથા. | ૦-૩-૦ | ૮ | ચંપક શ્રેષ્ઠી ચરિત્ર. | ૦-૩-૦ |
| ૯ | રતિસાર ચરિત્ર. | ૦-૩-૦ | ૧૦ | વત્સરાજ ચરિત્ર. | ૦-૩-૦ |
| ૧૧ | નળ દમયંતી ચરિત્ર | ૦-૩-૦ | ૧૨ | સ્થૂળભદ્ર ચરિત્ર | ૦-૩-૦ |
| ૧૩ | સુરસુંદરી ચરિત્ર. | ૦-૩-૦ | ૧૪ | ભુવનભાનુ કેવળી ચરિત્ર. | ૦-૬-૦ |
| ૧૫ | શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર ભાષાંતર. | | | | ૦-૬-૦ |

૧૫ ચરિત્રો એક સાથે લેનારના રૂા. ૩) લેવામાં આવશે.

For Private And Personal Use Only